**સુવિચાર**

ખરેખર કાંઈક કરવા ઈચ્છતા હશો, તો માર્ગ મળી જશે, અને જો એવી ઈચ્છા નહી હોય, તો બ્હાનું પણ મળી જશે.

:: સૌજન્ય ::

નિલકંઠ જવેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૯/૦૬/૨૦૨૫, ગુરૂવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

હરિૐ PENDAWALA
રસપાત્રા
ખાંડવી
બેબી ઈડલી
નવુ એસ.ટી.બસ સ્ટેન્ડ કોમ્પ્લેક્ષ, દુકાન નં.૯,અમરેલી,મો.89999 90099

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૧ જેઠ વદ-૮ વર્ષ : ૧૬ અંક : ૧૬૧

## જાનબાઈ દેરડી અને ગળકોટડીનાં બે યુવાનો બાઈકમાં પસાર થતાં હોય

# બાબરા નજીક ડમ્પરે હડફેટે લેતા ૨ રત્ન કલાકારનાં મોત

વધાવીય સંપ હાઉસ નજીક ડમ્પર નં જી.જે.-૧૪ વાય-૫૫૫૪નાં ચાલકે હડફેટે લીધા

એક રત્ન કલાકારનું ઘટના સ્થળે અને બીજાનું સારવાર દરમિયાન મોત નિપજ્યુ

બંને રત્ન કલાકારોની ઉંમર ૨૧ અને ૨૨ વર્ષ હોય નાનાએવા ગામમાં શોકનો માહોલ

બાબરા પોલીસે નાસી છુટેલ ડમ્પર ચાલકની શોધખોળ આદરી





તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા-બાબરા

બાબરા, તા. ૧૮

બાબરામાંઆજેસવારેઅહીં ભાવનગરરોડપરવધાવીયાસંપનીસામે જોરદાર અકસ્માત સર્જાયો હતો. જેમાં એકગળકોટડીઅનેએકલાઠીતાલુકાના જાનબાઈદેરડીનાયુવાનનુંમોતનિપજતા અરેરાટી વ્યાપી ગઈ હતી. મરનાર બંને યુવાનોબાબરાતાલુકાનાગળકોટડીગામે હીરાના કારખાનામાંહીરાઘસવાનું કામ કરતાંહતાંઅનેકોઈહીરાનેલગતા કોઈ કામ સબબ બાબરા ગયા હતા. ત્યાંથી પરત આવતી વખતે બનાવ બનતા બંને યુવાનોનાં મોત અકસ્માતમાં થતા મોટી સંખ્યામાં સિવિલ હોસ્પિટલમાં હીરાના કારીગરો અને લોકો ઉમટી પડયા હતા.



બનાવની પ્રાથમિક વિગત અનુસાર ગળકોટડી ગામે રહેતા કિશનભાઈ અરજણભાઈ ચૌહાણ (ઉ.વ. ૨૧) અને લાઠી તાલુકાના જાનબાઈ દેરડી મુકામે રહેતા ભાવેશભાઈ શંભુભાઈ કારીયાણી (ઉ.વ. ૨૨)આબંનેરત્નકલાકારોઅહીં ગળકોટડી મુકામે આવેલ હીરાના કારખાનેહીરાઘસવાનું કામ કરતાહતા અને બાબરા ખાતે તેઓ પોતાનું બાઈક નંબર જી.જે.-૦૫એલવાય-૭૯૧૨ લઈ હીરાની જે સરેન્જ આવે તેને મજવા માટે ગયાહતાઅનેત્યાંથીપરતઆવતી વખતેઅહીંવધાવીયાસંપહાઉસસામે ડમ્પર નંબર જી.જે.-૧૪ વાય-૫૫૫૪નાચાલકેહડફેટલેતા

**અનુસંધાન પાના ૬ ઉપર**

## વ્યાપક વરસાદથી અનેક સમસ્યા ઉભી થઈ

# સાવરકુંડલામાં મધુવન સોસાયટી ખાતે વીજપોલમાં શોર્ટ સરકીટથી દોડધામ

પીજીવીસીએલનાં કર્મચારીઓએ ઘટનાને કાબુમાં લીધી

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

સાવરકુંડલા, તા. ૧૮

સાવરકુંડલા શહેરમાં જેસર રોડ સ્થિત મધુવન સોસાયટીના વીજપોલમાં શોર્ટ સર્કિટ થતાં પીજીવીસીએલ કચેરીમાં જાણ કરતાં માત્ર ૪ મિનિટમાં જ પીજીવીસીએલ કર્મચારીઓ ઘટનાસ્થળે પહોંચી ઘટનાને કાબુમાં લીધી. લોકોએ પણ ચોમાસા દરમિયાન સાવચેતીના પગલાંરૂપે જાહેર રસ્તા પર પસાર થતી વેળાએ કોઈ પણ વિજપોલને અડકવું ન જોઈએ. સાવરકુંડલા પીજીવીસીએલ ચોમાસા દરમિયાન ખરેખર ખૂબ પ્રશંસનીય કામગીરી કરે છે. તેમજ એવી કોઈ પણ વિદ્યુતને લગતી સમસ્યાઓ હોય તો વિનાસંકોચ તાત્કાલિક પીજીવીસીએલના અધિકૃત નંબર પર સંબંધિત બાબતે જાણ કરવી જોઈએ.

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
88,800/-
(૧૦ ગ્રામ)
રહેલ તા.૧૮/૦૬/૨૦૨૫ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સઅપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઇન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

અમરેલીના જુના માર્કેટયાર્ડમાં
દુકાન વેચવાની છે...
અમરેલીના જુના માર્કેટયાર્ડમાં 'કળશ મોલ' ની બાજુમાં આવેલ મોકાની દુકાન વેચવાની છે.
:: સંપર્ક કરો ::
મો. ૭૮૭૪૩ ૯૩૪૮૪

## લંડન ખાતે સાસરે હોય અમદાવાદથી વિમાનમાં રવાના થયા બાદ

# અમરેલી ખાતે વિમાન દુર્ઘટનામાં મોતને ભેટેલ રિધ્ધી પડશાલાની અંતિમયાત્રા યોજાઈ : સૌ કોઈની આંખ અશ્રુભીની બની

સાંસદ સુતરીયા, નાયબ દંડક વેકરીયા સહિતનાં આગેવાનો પણ જોડાયા




અમરેલી, તા. ૧૮

અમદાવાદ ખાતે ગત તા.૧૨ ના રોજ અમદાવાદથી લંડન જતું વિમાન કોઈ કારણોસર એક બિલ્ડીંગ સાથે અથડાઈ જવાના કારણે વિમાનમાં આગ લાગી જવાથી આ વિમાનમાં સવાર એકને બાદ તમામ યાત્રિકોના મૃત્યુ નિપજયા હતા. જેમાં અમરેલી જિલ્લાના વતની એવા ૬ લોકોનો સમાવેશ થતો હતો.

ત્યારે આ વિમાનમાં મૃત્યુ પામેલ અમરેલીની દીકરી અને હાલ લંડન ખાતે સાસરે હોય, તે રિધ્ધિબેન પડસાલાનો મૃતદેહ આજે અમરેલી આવી પહોંચતા તેમની અંતિમ યાત્રા અમરેલીના કેરીયા રોડ ખાતેથી નીકળી હતી.

આ અંતિમયાત્રામાં અમરેલીના સાંસદ ભરતભાઈ સુતરીયા, ધારાસભ્ય અને નાયબદંડક કૌશિકભાઈ વેકરીયા, શહેરના અગ્રણીઓ તથા મૃતકના પરિવારજનો સહિત મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા. અને આ રિધ્ધિબેનને ભારે હૈયે અંતિમ વિદાય આપી હતી.

આ અંતિમ યાત્રામાં કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે થઈ અમરેલી સીટી પોલીસના અધિકારીઓ કર્મચારીઓ પણ ખડે પગે હાજર રહયા હતા.

## કઈ એજન્સી કેટલા રૂપિયાનાં અને કઈ સમય મર્યાદામાં કામગીરી કરી રહી છે તેની જાણકારી નથી

# અમરેલીમાં જેના પરસેવાનાં પૈસાથી રાજમાર્ગો બની રહ્યા છે તે જનતાને કોઈ જાણકારી જ નથી

માર્ગ-મકાન વિભાગનાં અધિકારીઓ જાણકારી દર્શાવતુ બોર્ડ પણ લગાવતા નથી

અમરેલી, તા. ૧૮

અમરેલી શહેરમાં રાધેશ્યામ ચોકડીથી સરદાર સર્કલ, સરદાર સર્કલથી વીર હમીરસિંહ સર્કલ અને સરકાર સર્કલથી ઠેબી જળાશય સુધી કરોડો રૂપિયાનાં ખર્ચે માર્ગ-મકાન વિભાગ દ્વારા માર્ગ કરવાનુ કામ શરૂ કરાયુ છે.

આશ્ચર્યજનક બાબત એ છે કે જે જનતાએ વિતરણ કરવેરા ભરીને સરકારી તિજોરીમાં નાણા જમા કરાવ્યા છે તે નાણાનો ખર્ચ થતો હોવા છતાં જનતાને ખબર નથી કે કઈ એજન્સી માર્ગ બનાવે છે. કેવી રીતે માર્ગ બનાવવાનો છે. કયાં સમયમાં માર્ગ પૂર્ણ કરવાનો છે સહિતની માહિતી કામનાં સ્થળે દર્શાવવાના નિયમનો ખુલ્લેઆમ ઉલાળીયો કરવામાં આવી રહ્યો છે.

માર્ગ-મકાન વિભાગનાં અધિકારીએ ત્રણેય માર્ગનું ઉપર તમામ માહિતી દર્શાવતુ બોર્ડ લગાવવુ જોઈએ. ને જો કામ નબળુ થતુ હોય કે અન્ય કોઈ ફરિયાદ હોય તો કયા નંબર અને સ્થળે જાણકારી આપવા જણાવવુ જોઈએ.


## આજે મતદાન યોજાવાનું હોય ભાજપ, કોંગ્રેસ અને ''આપ''માં દોડધામ

# વિસાવદરની ચૂંટણીનું પરિણામ કંઈકનું રાજકીય ભાવિ નકકી કરશે

### જો કે મુખ્ય સ્પર્ધા ભાજપ અને ''આપ''નાં ઉમેદવાર વચ્ચે હોય જો ''આપ''નાં ઉમેદવાર પરાજિત થશે તો ''આપ''નું ગુજરાતમાં રાજકારણ પૂર્ણ અને જો ''આપ''નાં ઉમેદવાર વિજેતા બનશે તો આગામી વિધાનસભાની ચૂંટણીમાં ભાજપ અને ''આપ'' વચ્ચે સીધી ટકકર થશે

અમરેલી, તા. ૧૮

જુનાગઢ જિલ્લાની વિસાવદર–ભેંસાણ વિધાનસભાની પેટા ચૂંટણીનું મતદાન ગુરૂવારે યોજાઈ રહ્યું છે. ભાજપનાં ઉમેદવાર કિરિટ પટેલ અને આમ આદમી પાર્ટીનાં ઉમેદવાર ગોપાલ ઈટાલીયા વચ્ચે સીધી ટકકર જોવા મળે છે. જયારે કોંગ્રેસનાં ઉમેદવાર કયાં પક્ષનાં ઉમેદવારને નડે છે તે જોવા પુરતુ રહ્યું છે.



વિસાવદર–ભેંસાણ બેઠકનાં મતદારો સૌથી જાગૃત મતદારો છે. રાજયને મુખ્યમંત્રી કેશુભાઈ પટેલની ભેટ આપનાર આ વિસ્તારનાં મતદારો છેલ્લા ૧૩ વર્ષથી વિધાનસભાની ચૂંટણીમાં ''ભાજપ''ને નકારી નકારી છે અને તે પણ જયારે સમગ્ર દેશમાં ભાજપનો દબદબો છે.

વિસાવદર પંથકનાં મતદારો રાજકીય પક્ષોની લાલચમાં પણ આવતા નથી. પાટિદાર સમાજનાં સૌથી વધુ મતદારો જોવા મળે છે અને પાટિદાર સમાજ ''આપ'' તરફી મતદાન કરશે તેવી આશંકાથી ભાજપે બિન પાટિદાર મતદારોને આકર્ષિત કરવા માટે બિન પાટિદાર દિગ્ગજ નેતાઓને પ્રચારમાં જોડયા છે. તો પાટિદાર મતદારને ભાજપ તરફી મતદાન કરાવવા માટે પાટિદાર સમાજનાં કદાવર નેતાઓ જયેશ રાદડીયા, કૌશિક વેકરિયા, પ્રફુલ પાનેરિયાને પણ ચૂંટણી પ્રચારમાં મેદાનમાં ઉતારેલ.

જો આ બેઠક ઉપર ભાજપનાં ઉમેદવાર વિજેતા થશે તો ''આપ''નાં સર્વે સર્વા અરવિંદ કેજરીવાલનું ગુજરાતમાં પગપેસારો કરવાનું સપનું પુનઃ તૂટી જશે અને જો



''આપ''નાં ઉમેદવાર વિજેતા બનશે તો ગુજરાતને એક નવલોહિયો અને આક્રમક યુવા નેતા મળશે અને ''આમ આદમી પાર્ટી'' યુવા ચહેરાનાં આધારે અઢી વર્ષ પછી યોજાનારી ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણીમાં રાજયની તમામ ૧૮૨ બેઠકો ઉપર ચૂંટણી જંગમાં ઉતારશે અને મુખ્યમંત્રીનાં ચહેરા તરીકે ગોપાલ ઈટાલિયાનું નામ પણ જાહેર કરી દેશે અને વિધાનસભાની ચૂંટણીમાં ભાજપ અને આપ વચ્ચે સીધી ટકકર થશે તેમાં શંકાને કોઈ સ્થાન નથી.

## રાહુલ ગાંધી : દેશના યુવા જગત માટે પ્રેરણારૂપ નેતૃત્વનું પ્રતિક

અમદાવાદ, તા. ૧૮

રાહુલ ગાંધી : દેશમાંલોકશાહીનું પ્રતિક બની ઉભરેલા મજબૂત નેતા

રાજકારણના કઠોર ઘાટમાંથી પસાર થયેલા, રાજકીય વિરોધ અને ભયંકર દબાણોને પાર કરીને દેશના યુવાઓમાં નવી આશા જગાવતા એવા રાહુલ ગાંધી આજના ભારતના સૌથી શકિતશાળી યુવાનેતાઓમાં સ્થાન પામે છે.



કોરોનાકાળમાં સતર્કતા અને જનહિત માટે અવિરત પ્રયત્નો

જયારે સમગ્ર વિ કોરોનાની મહામારીમાં કંપાઈ રહ્યું હતું અને ભારત સરકારે પ્રારંભે ગંભીરતાથી પગલા લીધા ન હતા, ત્યારે રાહુલ ગાંધી પહેલાના દિવસે ૧૨ ફેબ્રુઆરી, ૨૦૨૦ના રોજ જ કોરોનાને ગંભીરતાથી લેવા માટે ચિંતાની વાગોળ કરી હતી. સરકાર વ્યસ્ત રહી, પણ રાહુલ ગાંધી ગરીબો, શ્રમિકો અને મધ્યમ વર્ગ માટે તાત્કાલિક નકદ સહાય, શ્રમિક પરિવહન વ્યવસ્થા અને નાના ઉદ્યોગોને બચાવવાના આશયથી સતત સરકારને સતર્ક કરતાં રહ્યા.

શ્રમિકો સાથે સ્થળ પર જઈને તેમણે શ્રમિકોના દુઃખને સાંભળ્યું. કોંગ્રેસ કાર્યકરો તેમના માર્ગદર્શન હેઠળ રસીકરણ, ઓક્સિજન સપ્લાય અને દવા વિતરણ જેવા કાર્યોમાં દેશભરમાં આગળ રહ્યા. તેમણે અર્થશાસ્ત્રીઓ અને નિષ્ણાંતો સાથે ચર્ચા કરીને પણ દેશના અર્થતંત્ર માટે યોગ્ય રસ્તા સૂચવ્યા હતા. કૃષિ કાયદા અને જમીન સંપાદન કાયદાની વિજય ગાથા

ખેડૂતોના ત્રણ કાળા કૃષિ કાયદા પ્રત્યે તેમના નિર્ધારિત વિરોધ અને લાંબાસંઘર્ષના પરિણામે આખરે સરકારને તેને પાછા ખેંચવા મજબૂર થવું પડયું. માત્ર એટલું જ નહીં, અગાઉ જમીન સંપાદન કાયદામાં ખેડૂતોના હિતમાં જે ફેરફારો કર્યા હતા, તે કાયદાને પણ ભાજપ સરકારે રદ કરવાનો પ્રયાસ કર્યો હતો, પણ રાહુલ ગાંધીના મજબૂત વીરોધથી તે કાયદો યથાવત રહ્યો. ભૂતકાળનાં રાજકીય પ્રહાર અને તેમની અવિચલિત પ્રતિક્રિયા

રાહુલ ગાંધીના જીવનમાં રાજકીય વિરોધીઓએ દ્વેષપૂર્વક અનેક વખત હુમલાઓ કર્યા છે. એકસમયે ભાજપ શાસિત કેન્દ્ર સરકાર દ્વારા તેમના વિરુધ્ધ એક કેસ રચવામાં આવ્યો હતો અને રાજકીય દબાણ હેઠળ તેમની લોકસભાની સભ્યતા રદ કરી દેવામાં આવી. તેમને દિલ્હીમાં રહેઠાણ પણ ખાલી કરાવાયું. છતાંપણ તેઓ કોઈ પણ સમયે વિચલિત થયા નહીં. દેશના લોકશાહી સંસ્થાનો પર શ્રદ્ધા રાખીને તેઓ શાંતિપૂર્વક લડતા રહ્યા અને અંતે સુપ્રીમ કોર્ટમાં સમગ્ર કેસમાં તેમણે વિજય મેળવી ફરીથી સંસદમાં પ્રવેશ કર્યો. ભવ્ય રાજકીય પુનરાગમન અને જનસેવાનું બળ

તેમણે માત્ર સભ્યતા જ પુનઃપ્રાપ્ત કરી નહીં પરંતુ અતિમહત્વની લોકસભાની ચૂંટણીમાં બે જુદી જુદી બેઠકો પર લડીને ભવ્ય વિજય પ્રાપ્ત કર્યો અને આજે દેશના પ્રતિ પક્ષના નેતા તરીકે લોકશાહીને જીવંત રાખવાનું કાર્ય કરી રહ્યા છે. તેમના આ સહેજ પણ નડર્યા વગર સંઘર્ષથી સમગ્ર દેશમાં યુવાનોમાં નવો ઉત્સાહ અને વિાસથી લોકશાહીને સિદ્ધિ પ્રાપ્ત કરવાની પ્રેરણા મળી છે.

ભારત જોડો યાત્રા : જનજાગૃતિનું મજબૂત બળ

રાહુલ ગાંધીના રાજકીય જીવનનું એક મહત્વપૂર્ણ મોરચું રહ્યું છે તેમની ઐતિહાસિક 'ભારત જોડો યાત્રા' (૪૦૦૦ કિમી) અને 'ભારત જોડો ન્યાય યાત્રા' (૬૭૦૦ કિમી). જેમાં તેઓ જનજન સુધી પહોંચ્યા, લોકોને મળ્યા, તેમની વ્યથા–વેદનાઓ સાંભળી અને તેમના પ્રશ્નોને દેશના રાજકીય એજન્ડામાં લાવ્યા. ખાસ કરીને જાતિગત જનગણનાનો મુદ્દો તેમણે મજબૂતીથી ઊભો કર્યો અને આજે તે મુદ્દો રાષ્ટ્રીય ચર્ચાનો વિષય બન્યો છે. રાજકીય દબાણો છતાં જનજાગૃતિનો તેઓએ જે પ્રવાહ ઊભો કર્યો તે લોકશાહીના નવા અધ્યાય તરીકે નોંધાયો છે. ધ્યાત્મિક પંથમાં શિવભકત તરીકે આગવી ઓળખ

રાહુલગાંધી માત્ર રાજકારણ સુધી સીમિત નથી. તેઓએ ભારત જોડો યાત્રા દરમ્યાન અનેક મંદિરોના દર્શન કરીને પોતાની આધ્યાત્મિક અભિવ્યકિત પણ વ્યકત કરી છે. તેઓએ જણાવ્યું છે કે ભગવાન શંકર તેમના માટે સંઘર્ષ, શાંતિ અને બળનું પ્રતિક છે. સાચા અર્થમાં શિવભકત તરીકે તેઓએ દેશના યુવાનોમાં તટસ્થતા અને આત્મવિાસ જગાવ્યો છે.

ગુજરાતમાં ખાસ ઉમંગ અને નવી આશા.

વિશેષગૌરવની વાત છે કે રાહુલ ગાંધી છેલ્લા કેટલાક વર્ષથી ગુજરાત કોંગ્રેસના સંગઠન પર ખાસ ધ્યાન આપી રહ્યા છે. ગુજરાતમાં કોંગ્રેસનું સફળ અધિવેશન યોજાયું અને સંગઠનને મજબૂત બનાવવાના ઘણા નિર્ણયો લેવાયા છે. તેમણે સ્પષ્ટ કહ્યું છે કે ગુજરાતના પ્રશ્નો માટે તેઓ હંમેશા હાજર છે. ગુજરાતમાં ભાજપ સામે તીવ્ર ટક્કર આપીને ચૂંટણીમાં કોંગ્રેસે મતટકાવારીમાં નોંધપાત્ર વધારો કર્યો છે અને યુવાનોમાં પણ નવી રાજકીય જાગૃતિ સર્જી છે. વિરોધીઓ મિમ્સમાંથી જાતે મિમ્સ બન્યા

જે લોકો રાહુલ ગાંધીની ઉપર મિમ્સ બનાવતા હતા, આજે દેશના રાજકીય માહોલમાં પોતાની જાતે મિમ્સ બની ચૂકયા છે. રાહુલ ગાંધીનું સાદું, સાહસિક અને જનહિતમાં અડગ નેતૃત્વ હવે ભારતના રાજકારણમાં નવાયુગની શરૂઆત તરીકે દેખાય છે.

આતંકવાદ સામેની લડાઈમાં સરકારને સંપૂર્ણ સમર્થન

પહેલ ગામમા હુમલા બાદ વિલંબ કયા વિના પાકિસ્તાન પ્રેરિત આતંકવાદ સામેની લડાઈમાં ભારત સરકારને સંપૂર્ણ સમર્થન આપ્યું હતું અને સરકાર રાષ્ટ્રહિતમાં જે કંઈ પણ નિર્ણયલે તે લેવા માટે છૂટ આપીને સાચો રાષ્ટ્રવાદ દર્શાવ્યો હતો.

આજના ભારત માટે રાહુલ ગાંધીનું નેતૃત્વ અનિવાર્ય બન્યું છે.

સૌના અધિકાર, ન્યાય અને સમતાને મજબૂતીથી હમેશાં પહેલ આપવા વાળા રાહુલ ગાંધી આજે દેશના લાખો યુવાનો, ગરીબો, શ્રમિકો અને વંચિતો માટે આશાનું નવું શિખર બન્યા છે. દેશમાં લોકશાહીને જીવંત રાખીને ભારતીય રાજકારણને નવી દિશા આપનાર એવા રાહુલ ગાંધીને જન્મદિવસે હાર્દિક શુભકામનાઓ. પરમકૃપાળુ પરમેર તેમને સદાય સત્કર્મની શકિત, દીર્ઘાયુ અને અખૂટ પ્રેરણા આપે તેવી પ્રાર્થના.

**લેખક : હેમાંગ રાવલ**
**પ્રવકતા, મીડિયા કો–કન્વીનર અને મીડિયા કોર્ડીનેટર ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ**

## દામનગરમાં ઠેકઠેકાણે ગાબડા



દામનગર, તા. ૧૮

દામનગરમાં પડેલા ખાડાથી સત્તાધીશો, પદાધિકારીઓ અને અધિકારીઓના હાડકા ખોખરા થાય તો...!!? વેરા ભરતી જનતાને જ સહન કરવાનું... વિકાસ કોની માટે..!! શું મીડિયામાં પ્રસિદ્ધ થતાં અહેવાલો ખોટા જ હોય છે...!! દામનગર શહેરની અંદર એટલે કે જયાં–જયાં ડામર રોડ છે. ત્યાં અને આર.સી. સી. રોડ છે. ત્યાં ઘણી જગ્યાએ પડેલા ખાડા બુરવા થૂંકના સાંધા જેવાં કામ કરાય છે, માટી અને કપચીનો જીણો પાવડર નાખીને મરાતાં સાંધા ગણત્રીના દિવસો તો શું, કલાકોમાં નીકળીને બહાર આવી જતું હોય, પાછી એવી ને એવી જ હાલત થઈ જતી હોય, જનતા અને વાહનચાલકોની માઠી બેઠી છે. દામનગરમાં વિકાસની કોઈ વ્યાખ્યા નથી કે શું.!


### ૧૯ જુન, રાષ્ટ્રીય વાંચન દિવસ

## વાંચન વ્યકિતનાં દુષ્કાળ જેવા જીવનમાં પણ જીવ પુરી શકે છે

### વાંચનથી વિચારોમાં વિનય અને વિવેક આવે છે

અમરેલી, તા. ૧૮

વાંચન, કોઈકનાં માટે નવરાશનો સમય પસાર કરવા માટેની પ્રવૃતિ તો કોઈકનાં માટે જીવનનો સૌથી મોટો આદર્શ શિક્ષક, વાંચન જીવનને સાર્થક બનાવવાનું સૌથી અગત્યનું પાસું છે. સારૂ વાંચન વ્યકિતને દુઃખમાંથી ઉગારવાનો રસ્તો અને સુખને જીવનમાં લાવવાનો રસ્તો બતાવે છે. વાંચન માટે પુસ્તક એ સૌથી જુનું અને પ્રચલિત માધ્યમ છે. જે આજે ડીજીટલી પણ ઉપલબ્ધ છે. પુસ્તકો ઘણાં બધાં પ્રકારના હોય છે પણ દરેક પુસ્તકમાં કોઈને કોઈ ખજાનો છુપાયેલો છે. વાંચનનું મહત્વ વ્યકિતને ત્યારે જ સમજાય જયારે વ્યકિત પુસ્તક વાંચવાનું શરૂ કરે. પુસ્તકમાં રહેલા ઊંડા અને ખરા અર્થને સમજીને જીવનમાં ઉતારવામાં આવે ત્યારે જ પુસ્તકનું વાંચન સફળ થયું કહેવાય વાંચનથી વિચારોને મોકળાશ મળે છે. વિચારોને મળતી મોકળાશ એ વાંચનનો પહેલો ફાયદો છે. જીવનમાં યોગ્ય નિર્ણય લેવા માટે યોગ્ય વિચાર કરવા જરૂરી છે અને યોગ્ય વિચાર કે વિચારોની મોકળાશ એ વાંચનથી જ શકય છે. ગેરીસન કેઈલર નામનાં એક પ્રસિધ્ધ વ્યકિતએ પુસ્તક માટે ખુબ સરસ વાકય કહ્યું છે. પુસ્તકોનાં વાંચનથી વિચાર વાણી અને વર્તનમાં વિનય અને વિવેક આવે છે. વિનય અને વિવેક જીવનને સરળ અને સુંદર બનાવે છે. વિચારોમાં વિનય અને વિવેક આવતા વ્યકિતની કલ્પનાશકિત વધે છે. વાણીમાં વિનય અને વિવેક આવતા તમારૂ વ્યકિતત્વ ખીલે છે અને



વર્તમાન વિનય અને વિવેક આવતા જીવનને નવી દિશા મળે છે. બાળકને નાનપણથી જ વાંચવાની આદત શીખવાડવામાં આવે તો કૌશલ્ય ખુબ વિકસે છે. જેમકે પંચતંત્રની વાર્તાઓમાં પ્રાણીઓના ઉદાહરણ દ્વારા સામાજિક નીતિઓ શીખવવામાં આવી છે. સરળ શબ્દો અને રમુજી પાત્ર દ્વારા બાળકને જીવનનો અગત્યનો પાઠ શીખવી શકાય છે. બાળક જો નાનપણથી જ પુસ્તક વાંચશે તો એનાં જ્ઞાનમાં વધારો થશે તદ્ઉપરાંત બાળકનાં વિચારો તેની ઉમરનાં સામાન્ય બાળક કરતાં વધારે મૌલિક જોવા મળશે. વ્યકિત જીવનમાં જેટલું વધુ જ્ઞાન મેળવશે એટલી જીવનમાં સફળતા પ્રાપ્ત કરશે. વાંચન થકી વ્યકિતના વર્તમાન નિખાલસતા, દયા, સદ્ભાવના, ભાઈચારો, વિનમ્રતા વગેરે આપોઆપ આવી જાય છે. પુસ્તકમાંથી મળતી હકારાત્મક ઊર્જા વ્યકિતનાં દુષ્કાળ જેવા જીવનમાં પણ જીવ પુરી શકે છે.

**–મિતલ ખેતાણી**

### સબ ડીવીઝન મેજીસ્ટ્રેટનાં વોરંટનાં આધારે

## રાજુલામાં મિલ્કત સબંધી ગુન્હાઓ આચરતાં ઈસમને તડીપાર કરાયા

### ભાવનગર, અમરેલી સહિત ૬ જિલ્લામાંથી તડીપાર કરાયા

અમરેલી, તા. ૧૮

અમરેલી પોલીસ અધિક્ષક સંજય ખરાતએ અમરેલી જીલ્લામાં ગ્રામ પંચાયતની ચુંટણી સબબ શરીર સંબધી તથા મીલકત સંબધી ગુન્હાઓ આચરતા માથાભારે ઈસમો વિરૂધ્ધ પાસા તથા તડીપારની કાર્યવાહી કરવા સુચના આપેલ હોય. રાજુલા પોલીસ ઈન્સ. એ.ડી. ચાવડા ધ્વારા રાજુલામાં કાયદો અને વ્યવસ્થા પ્રસ્થાપીત કરવા સારૂ શરીર સંબધી તથા મીલકત સંબધી



ગુન્હાઓ આચરતા માથાભારે ઈસમ જયરાજભાઈ બીચ્છુભાઈ વાળા (રહે. રાજુલા) વિરૂધ્ધ પાસા તથા તડીપારની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ અને તડીપારની દરખાસ્ત તૈયાર કરી સબ ડીવીઝન મેજી. ડો. મેહુલ બારાસરાને મોકલતા તેમનાં દ્વારા આરોપીને અમરેલી, ભાવનગર, રાજકોટ, ગીરસોમનાથ, બોટાદ અને જુનાગઢ જિલ્લામાંથી તડીપાર કરવાનો હુકમ કરવામા આવેલ છે.


### એસપીની સુચનાથી સ્થાનિક પોલીસની કામગીરી

## રાજુલા પંથકમાં ગુન્હો કરી નાસતા ફરતા આરોપીની અટકાયત કરાઈ

### આરોપી અવારનવાર લોકેશન બદલતો હતો

અમરેલી, તા. ૧૮

રાજુલા પોલીસ ઈન્સ એ.ડી. ચાવડાની રાહબારી હેઠળ રાજુલા પોલીસની સર્વેલન્સ ટીમ દ્વારા રાજુલા પોલીસ સ્ટેશનના ભારતીય ન્યાય સંહીતા ૨૦૨૩ની કલમ ૬૪(૧), ૬૪(૨)(ખ), ૧૧૫(૧), ૧૧૫(૨), ૩૫૧(૨), ૩૫૧(૩) મુજબનો ગુન્હો આચરી રાજુલા ગામે રહેતા આરોપી મહેશભાઈ હરીશંકરભાઈ જાખરા પોતાની કાયદેસરની ધરપકડ ટાળવા સારૂ ભાગી



ગયેલ હોય અને નાસતો ફરતો હોય. એડી.ચીફ. જયુડી. મેજી. રાજુલાની કોર્ટનું બી.એન.એસ.એસ. કલમ ૭૨ મુજબનુ પકડ વોરંટ હોય અને છેલ્લા ત્રણ માસથી નાસતો ફરતો હોય અને આરોપી પોતાનુ લોકેશન અવાર–નવાર બદલતો હોય. જેને રાજુલા પોલીસ સ્ટેશનની સર્વેલન્સ ટીમ દ્વારા ટેકનીકલ તથા હયુમન સોર્સ આધારે શોધી કાઢી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

### આગામી તહેવારોને અનુલક્ષીને

## ખાંભા ખાતે પી.એસ.આઈ.ની ઉપસ્થિતિમાં ફુટ પેટ્રોલિંગ યોજાયું

### મેઈન બજાર સહિતનાં વિસ્તારોમાં ફુટ પેટ્રોલિંગ યોજાયું



તસ્વીર : ભાવિક કલસરીયા–ખાંભા

ખાંભા, તા. ૧૮

ખાંભા શહેરમાં આગામી દિવસોમાં અષાઢી બીજની અને વેલનાથબાપુની શોભાયાત્રાને લઈ ખાંભા પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. તેમજ પોલીસ સ્ટાફ દ્વારા ખાંભા શહેરનાં મેન બજાર ભગવતિ પરા સહિત અલગ–અલગ વિસ્તારમાં ફૂટ પેટ્રોલિંગ હાથ ધર્યુ હતું અને કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તેવા હેતુથી ફૂટ પેટ્રોલિંગ હાથ ધર્યુ હતું.

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

## સાવરકુંડલાનાં અગ્રણી રામદેવસિંહ ગોહિલનો આજે જન્મદિવસ

સાવરકુંડલા, તા. ૧૮

સાવરકુંડલા શહેર અને સમગ્ર અમરેલીનાં રાજકીય અને સામાજિક અગ્રણી રામદેવસિંહ ગોહિલનો આજે જન્મદિવસ છે. તેઓ સાવરકુંડલા શહેર યુવા ભાજપ પ્રમુખ તરીકે સતત ત્રણ ટર્મ તરીકે સેવા આપેલ તેમજ અમરેલી જિલ્લા યુવા ભાજપ ઉપપ્રમુખ તરીકે બે ટર્મ, સાવરકુંડલા શહેર ભાજપ ઉપપ્રમુખ, સાવરકુંડલા શહેર ભાજપ મહામંત્રી તરીકે સરાહનીય કામગીરી કરનાર રામદેવસિંહ ગોહિલ હાલમાં તેઓ



ગુજરાત રાજપૂત યુવા સંઘ સાવરકુંડલાના પ્રમુખ, અખિલ ભારતીય ક્ષત્રિય મહાસભા સાવરકુંડલાના પ્રમુખ, ભારતીય માનવ અધિકાર એસોસિએશન અમરેલી જિલ્લાનાં પ્રમુખ તરીકે જવાબદારીમાં કાર્યરત છે. સામાજિક અગ્રણી તરીકે લોકસેવા અને સમાજસેવા કર્તા, બહોળુ મિત્ર વર્તુળ ધરાવતા રામદેવસિંહ ગોહિલનો આજે જન્મદિવસ હોવાથી તેમના શુભેચ્છકો, મિત્રો અને સામાજિક રાજકીય અગ્રણીઓ તેમના મોબાઈલ નંબર ૯૪૨૬૨ ૭૬૫૪૨ અને ૯૮૨૫૪ ૧૪૫૪૨ પર જન્મ દિવસની શુભકામનાઓ પાઠવી રહ્યાં છે.

## ૩૭ ગામોની જનતાને રોજબરોજનાં કાર્યોને લઈને દોડધામ કરવી પડે છે

# લીલીયા મોટા પંથક અધિકારીઓનાં અભાવે રામભરોસે

**ગ્રામ પંચાયતથી લઈને તાલુકા કક્ષાની કચેરીઓ ઈન્ચાર્જ કર્મચારીથી ચાલી રહી છે**

**જનતા જનાર્દન વિવિધ કરવેરારૂપે સરકારની તિજોરી છલકાવે ને બદલામાં સુવિધા મળતી નથી**

**નબળી નેતાગીરીનાં લીધે સમગ્ર પંથકની જનતા લાચારીની અવસ્થામાં જોવા મળે છે**

**રાજ્યનાં મુખ્યમંત્રીએ હજારો નાગરિકોનાં હિતમાં યોગ્ય કાર્યવાહી કરવી જોઈએ**

લીલીયા મોટા, તા. ૧૮

લીલીયા તાલુકો ૩૭ ગામોનો બનેલો છે. અત્યારે તાલુકા પંચાયતમાં નથી ટીડીઓ/મામલતદાર ઓફિસમાં નથી. એકઝયુકેટીવ મામલતદાર/ગ્રામ પંચાયતમાં નથી મંત્રી/નથી રેવન્યુ મંત્રી. લીલીયા રામ ભરોસે અત્યારે ચાલી રહ્યું છે. અરજદારોના કોઈ પણ પ્રકારનાં કામ થતાં નથી અને હેરાન પરેશાન થઈ ગયા છે. ગામડામાંથી પોતાની મજૂરી કામ બંધ કરીને રોજ પાડીને કામકાજ માટે ઓફિસમાં મુખ્ય અધિકારી ન હોય તો ધરમનો ધકકો થાય છે. સાવ કામ ઠપ્પ થઈ ગયા છે. ગામડામાં ગ્રામ



પંચાયતમાં મંત્રીઓને ત્રણથી ચાર ગામો સોંપેલ છે. એક પણ ગામમાં કાયમી મંત્રીઓ છે નહી બધા ચાર્જમાં છે. અરજદારોનું કોઈ સાંભળતું નથી. લગભગ આ તાલુકામાં રોજમદાર કર્મચારી વધારે છે. કાયમી કર્મચારી બહુ જ ઓછા છે. તાલુકાના આગેવાનો ધારાસભ્ય તથા સાંસદની લાજ કાઢતા હોય તેવું લાગી રહ્યું છે અથવા તો તેમનું સરકારમાં ઉપજતું નહી હોય તેવું આમ જનતા મુખે ચર્ચાય રહેલ છે.

# આગામી શનિવારે લાંબામાં લાંબો દિવસ રવિવારથી ક્રમશઃ દિવસ ટૂંકો થતો જશે

અમરેલી, તા. ૧૮

અમદાવાદ : સૂયનો ક્રાંતિવૃત અને આકાશી વિષુવવૃત્ત વર્ષમાં બે વખત એકબીજાને છેદે છે. આ છેદન બિંદુને સંપાત દિવસ કહેવામાં આવે છે. ભારતના લોકોએ માર્ચની તા. ૨૧ મી એ દિવસ અને રાત સરખા હોવાનો અનુભવ કયો હતો. શનિવાર તા. ૨૧મી જુન લાંબામાં લાંબો દિવસનો લોકો અનુભવ કરશે. આ ખગોળીય ઘટનાનો લાભ લેવા ભારત જન વિજ્ઞાન જાથાની રાજય કચેરીએ લોકોને અપીલ કરી છે.

જાથાના રાજય ચેરમેન અને એડવોકેટ જયંત પંડયાએ જણાવ્યું કે સૂય ઉત્તર તરફ ખસતો જતા ઉત્તર ગોળાર્ધની દિવસની લંબાઈ વધતી જાય છે અને રાત ટૂંકી થતી જાય છે. તેના કારણે તા. ૨૧મી જુને લાંબામાં લાંબો એટલે કે રાજકોટમાં દિવસ ૧૩ કલાક ૨૮ મિનિટ, રાત્રિ ૧૦ કલાક ૩૨ મિનિટ – અમદાવાદમાં દિવસ ૧૩ કલાક ૩૦ મિનિટ, રાત્રિ ૧૦ કલાક ૩૦ મિનિટ – સુરતમાં દિવસ ૧૩ કલાક ૨૨ મિનિટ, રાત્રિ ૧૦ કલાક ૩૮ મિનિટ – થરાદમાં દિવસ ૧૩ કલાક ૩૧ મિનિટ, રાત્રિ ૧૧ કલાક ૨૯ મિનિટ – મુંબઈમાં દિવસ ૧૩ કલાક ૧૩ મિનિટ – રાત્રિ ૧૦ કલાક ૪૭ મિનિટ સમયગાળામાં રહેશે. તા. ૨૨ મી જુનથી ક્રમિક રીતે દિવસ સેકન્ડના તફાવતે પ્રમાણે ક્રમશઃ ટૂંકો અને રાત્રિ લાંબી થતી જોવા મળશે. ભારતમાં સૂર્યોદય–સૂર્યાસ્ત પ્રમાણે વિવિધ સ્થળોએ સેકન્ડ–મિનિટના તફાવતથી ફેરફાર દિવસ–રાત્રિ જોવા મળશે.

વધુમાં જાથાના જયંત પંડયાએ જણાવ્યું કે ૨૧મી જુન પછી સૂર્ય દક્ષિણ દિશા તરફ વળે છે તેથી તેને દક્ષિણાયાન કહેવામાં આવે છે. દિવસ–રાતની લંબાઈ ચંદ્રની દિશા ગતિ અને સૂર્ય તરફ પૃથ્વીનો ઝુકાવ અને સૂર્યને પરિભ્રમણ ગતિ વિગેરે પરિબળો પર આધારિત હોય છે જે સતત બદલાતા રહે છે.

પૃથ્વી પોતાની ધરી ૨૩.૫ને ખુણે નમેલી હોય છે. પૃથ્વીનું માથું દક્ષિણ અને ઉત્તર તરફ નમેલું હોવાના કારણે પૃથ્વીવાસીઓને ગરમી અને ઠંડી વિવિધ આબોહવાનો અનુભવ સૂર્યના કિરણોના કારણે જોવા મળે છે.

શનિવાર તા. ૨૧મી જુને લાંબામાં લાંબો દિવસ રાત્રિ ટૂંકી ત્યાર બાદ સેકન્ડના તફાવતે દિવસ ટૂંકો અને રાત્રિ લાંબીનો લોકો અનુભવ કરશે. આ ખગોળીય ઘટના વિશે વિશેષ માહિતી માટે મો. ૯૮૨૫૨ ૧૬૬૮૯ ઉપર સંપર્ક સાધવા કાર્યાલય મંત્રી અંકલેશ ગોહિલની યાદીમાં જણાવાયું છે.


જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ-મકાન-દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.9426831241

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યક્તિગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
૪૦, પહેલા માળે, ફિરદબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪


ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦


### પૂર્વ ધારાસભ્ય પ્રતાપ દુધાતે મુખ્યમંત્રીને પત્ર પાઠવ્યો

# અમરેલી જિલ્લામાં ભારે વરસાદથી ખેતીપાકો અને જમીનોને વ્યાપક પ્રમાણમાં નુકસાન થયું

### છેલ્લા ઘણા સમયથી કુદરતી આફતો ત્રાટકતાં ખેડૂતો પરેશાન





અમરેલી, તા. ૧૮

અમરેલી જિલ્લામાં પડેલ અતિ વરસાદનાં કારણે તેમજ ઉપરવાસનીનદીઓઅને નાળાના (પુર) પાણી ખેડુતોના ખેતરોના પાળા, શેઢા પાળા તોડીને ખેતરોમાં આવી જતા ખેડૂતોના ખેતરો, વાડીઓનું વ્યાપક પ્રમાણમાંધોવાણથવાથીખેડૂતોનેખુબજ નુકસાનથયેલછે. હજુ ખેડૂતો કમોસમી વરસાદનાં કારણે થયેલ નુકસાનીમાંથી બહાર નથી આવ્યા ત્યારે આ અતિ ભારે વરસાદનાં કારણે ખેતીની જમીનનું ધોવાણ થતા ખેડૂતો દ્વારા કરેલ વાવેતર સદંતર નિષ્ફળ થયેલ છે. હાલ ખેડૂતોની સ્થિતિ દયનીય બનવા પામેલ છે. અમરેલી જિલ્લામાં મોટા પ્રમાણમાં નુકસાની થયેલ છે તેમનું સત્વરે સર્વે કરી અને નુકસાની સામેનું વળતર ચુકવવામાં આવે. સાથોસાથ સરકારને જણાવેલ છે કે, અગાઉ પણ અમરેલી જિલ્લામાં વર્ષ ૨૦૨૪/૨૫ માં કમોસમી વરસાદ પડેલ જેમાં ખેડુતોને વ્યાપક પ્રમાણમાં નુકસાન થયેલ તે અંગે કોંગ્રેસ પાર્ટી દ્વારા ધરણા પર પણ બેસેલ હતા. ત્યારે ઉપ દંડક અને અમરેલીનાં ધારાસભ્યએ કૃષિમંત્રીનાં તા. ૨૩/૧૦/૨૦૨૪ના પત્રને આ નેતા દ્વારા સોશ્યલ મીડિયા મારફત વાયરલ કરેલ. તેમાં જણાવ્યા મુજબ અમરેલી જિલ્લાના ખેડૂતોને ટુંક સમયમાં સહાય પેકેજ જાહેર કરવામાં આવશે તેવી અમરેલીનાં ખેડુતોને પત્ર મારફત હૈયાધારણા આપવવામાં આવી હતી. પરંતુ તે હૈયાધારણા મુજબ અમરેલી જિલ્લાનાં ખેડુતોને આજદિન સુધી સહાય મળેલ નથી. ત્યારે 'પડયા પર પાટું' જેવી સ્થિતિ આજે અમરેલી જિલ્લાનાં ખેડૂતો પર થઈ રહી છે. ત્યારે સરકાર અમરેલી જિલ્લાનાં ખેડૂતોની વ્હારે આવશે કે કેમ? અગાઉની માફક માત્ર હૈયાધારણા આપશે? કે ખેડૂતોની સંવેદના સાથે રમત રમશે ? તેવા સવાલો આજે ખેડૂતોના મનમાં થઈ રહ્યા છે.

ત્યારે એક ખેડૂત પુત્ર તરીકે ખેડૂતની મનોદશા અને તેમની કપરી સ્થિતિને ધ્યાને લઈને અગાઉની સહાય તેમજ હાલ થયેલ અતિવૃષ્ટિમાં પણ ખેડૂતોનાં વાવેતર કરેલ પાકો તેમજ જમીન ધોવાણનો સર્વે કરાવી સહાય પેકેજ જાહેર કરવા મુખ્યમંત્રીને પત્ર પૂર્વ ધારાસભ્ય પ્રતાપ દુધાતે પાઠવેલ છે.


શું આપના કેમેરા, નોટ કાઉન્ટીગ મશીન, અથવા કોઈપણ ઈલેક્ટ્રોનિક આઈટમ ખરાબ છે ?
» CCTV કેમેરા, NVR,DVR વાયરલેસ સિક્યુરીટી સિસ્ટમ
» ટેલીફોન, કોર્ડલેસ ફોન » Wi-Fi મોડેમ
» EPABX » નોટ કાઉન્ટીગ મશીન
» L.E.D. T.V.(24"થી 85") » પ્રોજેક્ટર, અને ઘણું બધું...
હવે દરેક વસ્તુઓ હોલસેલ ભાવે મેળવો...
ફકત એક ફોન કરો અને તમારી દરેક સમસ્યાઓનું સમાધાન મેળવો..
Total Solution of Tele Comunication & Video Surveillance...
કમલેશ ટાંક - 9825176163
પ્રિસીસન ટેલીકોમ
BS-૫, બીજા માળ, હરીરામ હોલસેલ માર્કેટ, હોટલ લોર્ડસ એન્જલની સામે, જુનું માર્કેટિંગ યાર્ડ, અમરેલી

ફ્રાયફુટથી ભરપુર મસ્ત મજાના...
મગડી ગુંદીના લાડુ
નાયલોન તથા વાટીદાળનાં ખમણ
પોચા-પોચા મસ્ત મસ્ત ગુલાબજાંબુ
તેમજ અવનવા તાજા ફરસાણ મળશે
સાથે મસ્ત ચટાકેદાર ખજુરની ચટણી ફ્રી
બટેટા વેફર્સ ▪ કેળા વેફર્સ ▪ ફરાળી ચેવડો
તેમજ અમારી
સ્પે. આઈટમ ફરાળી ચટણી
હાજરમાં મળશે
શિવ
નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.
મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨ ▪ મો. ૯૯૦૯૧ ૯૦૯૫૫
















### G7ના મંચથી વડાપ્રધાન મોદીનો સંદેશ

# આતંકવાદના સમર્થક દેશોને ઈનામ આપો છો, બેવડા માપદંડ નહીં ચાલે

## આતંકના સમર્થક દેશોએ તેની કિંમત ચૂકવવી પડશે, G-7 સ્ટેજ પરથી ગ્લોબલ સાઉથના મુદ્દા પણ ઉઠાવ્યા

નવી દિલ્હી, તા.૧૮

G-7 શિખર સંમેલનના બીજા દિવસે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આતંકવાદ, વેપાર અને વિકાસ જેવા મહત્ત્વના વૈશ્વિક મુદ્દા પર દુનિયાના પ્રમુખ નેતાઓ સાથે વાતચીત કરી. કેનેડાના કનાનાસ્કિસમાં આયોજિત G-7 આઉટરીચ સત્રને સંબોધિત કરતા વડાપ્રધાન મોદીએ આતંકવાદ સામે ભારતની કડક નીતિનું પુનરાવર્તન કર્યું અને તેને વૈશ્વિક જોખમના રૂપે જોઈ એકજૂટ થઈ નિર્ણાયક કાર્યવાહીની માંગ કરી.

વડાપ્રધાન મોદીએ કહ્યું કે, વૈશ્વિક શાંતિ અને સમૃદ્ધિ માટે આપણા વિચાર અને નીતિ સ્પષ્ટ હોવી જોઈએ, જો કોઈ દેશ આતંકવાદનું સમર્થન કરે છે, તો તેને તેની કિંમત ચૂકવવી પડશે. આંતરરાષ્ટ્રીય સમુદાયની કાર્યવાહીમાં બેવડા માપદંડ ન હોવા જોઈએ. એકબાજુ અમે પોતાની પસંદ મુજબ વિવિધ પ્રકારના પ્રતિબંધ જલદી લગાવી દઈએ છીએ તો બીજીબાજુ જે દેશ જાહેરમાં આતંકવાદનું સમર્થન કરે છે, તેમને ઈનામ આપવામાં આવે છે. આ બેવડા માપદંડ બંધ થવા જોઈએ.

વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે એક્સ પર જાણકારી આપતા કહ્યું કે, વડાપ્રધાને આતંકવાદ સામે ભારતના વલણને પુનરાવર્તિત કરી પહલગામમાં થયેલા જઘન્ય આતંકી હુમલાની નિંદા કરવા માટે નેતાઓનો આભાર વ્યક્ત કર્યો. તેમણે આતંકવાદને પ્રોત્સાહન અને સમર્થન આપનારની સામે કડક વૈશ્વિક કાર્યવાહીની જરૂરિયાત પર ભાર મૂક્યો.

નોંધનીય છે કે, ૨૨ એપ્રિલે જમ્મુ-કાશ્મીરના પહલગામમાં થયેલા આતંકી હુમલામાં ૨૬ લોકોના મોત થયા હતા. જેના જવાબમાં ભારતે ઓપરેશન સિંદૂર દ્વારા વળતો જવાબ આપ્યો અને પાકિસ્તાન તેમજ PoKમાં હાજર આતંકી ઠેકાણાને નાબૂદ કર્યા. વડાપ્રધાને S-7 નેતાઓ સાથે પોતાની વાતચીતને પ્રોડક્ટિવ જણાવી અને કહ્યું કે, આ ચર્ચા વૈશ્વિક પડકારો અને બહેતર ભવિષ્ય માટે આશાઓ પર કેન્દ્રિત રહી.

આ સિવાય તેમણે ગ્લોબલ સાઉથની ચિંતાઓ અને પ્રાથમિકતાઓ પર ધ્યાન આપવાનું પણ આહ્વાન કર્યું. તેમણે કહ્યું કે, ભારત ગ્લોબલ સાઉથનો અવાજ વૈશ્વિક મંચ પર પહોંચાડવાની પોતાની જવાબદારી સમજે છે. નોંધનીય છે કે, ગ્લોબલ સાઉથ શબ્દનો ઉપયોગ સામાન્ય રીતે આર્થિક રૂપે વિકસિત દેશોના સંદર્ભમાં કરવામાં આવે છે.

શિખર સંમેલન સિવાય વડાપ્રધાન મોદીએ અનેક દ્વિપક્ષીય મુલાકાત પણ કરી. તેમણે કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્ની, બ્રિટનના વડાપ્રધાન કીર સ્ટાર્મર, ફ્રાન્સના પ્રમુખ ઈમેનુએલ મૈક્રોં, દક્ષિણ કોરિયાના પ્રમુખ લી જે-મ્યુંગ, ઈટાલીના વડાપ્રધાન જ્યોર્જિયા મેલોની અને ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન એન્થની એલ્બાનીઝ સાથે મુલાકાત કરી. આ બેઠકમાં વ્યાપારિક સહયોગ, રોકાણ વધારવા અને વૈશ્વિક આર્થિક સહયોગ મજબૂત કરવા વિશે ચર્ચા થઈ. વડાપ્રધાન મોદીએ કહ્યું કે, AI પોતે જ એક ટેકનોલોજી છે જેને ઘણી બધી ઊર્જાની જરૂર પડે છે. જો ટેકનોલોજી-સંચાલિત સમાજની ઊર્જા જરૂરિયાતોને ટકાઉ રીતે પૂરી કરવાનો કોઈ રસ્તો હોય, તો તે નવીનીકરણીય ઉર્જા દ્વારા છે. છેલ્લી સદીમાં ઊર્જા માટે સ્પર્ધા હતી પરંતુ આ સદીમાં આપણે ટેકનોલોજી માટે સહકાર આપવો પડશે. ડીપ-ફેક એ ખૂબ ચિંતાનો વિષય છે, તેથી AIની મદદથી બનાવવામાં આવતી સામગ્રી પર સ્પષ્ટ ઘોષણા થવી જોઈએ કે તે AIની મદદથી બનાવવામાં આવી છે. ફોટો કે વીડિયોમાં વ્યક્તિના ચહેરા કે શરીરને ડિજિટલી બદલવાની ટેકનોલોજીને ડીપફેક કહેવામાં આવે છે. મશીન લર્નિંગ અને AI ની મદદથી બનાવવામાં આવેલા આ વિડીયો અને ચિત્રો વાસ્તવિક લાગે છે અને તેને જોઈને કોઈપણ છેતરાઈ શકે છે.

ભારત અને કેનેડા વચ્ચે છેલ્લા કેટલાક સમયથી ચાલી રહેલા રાજદ્વારી તણાવને સમાપ્ત કરવા માટે પણ સકારાત્મક પહેલ કરવામાં આવી હતી. બંને દેશો નવા હાઈ કમિશનરોની નિમણૂક કરવા સંમત થયા હતા, જે વિઝા, વાણિજ્ય અને અન્ય સેવાઓને સામાન્ય બનાવશે. ૮-૭ સમિટમાં વડાપ્રધાન મોદીની ભાગીદારીને ભારતની વૈશ્વિક ભૂમિકાને વધુ મજબૂત બનાવવા તરફ એક મહત્ત્વપૂર્ણ પગલા તરીકે જોવામાં આવી રહી છે, જ્યાં ભારતે આતંકવાદ સામે કડક વલણ અપનાવ્યું અને વિકાસશીલ દેશોનો અવાજ ઉઠાવ્યો.

### ટીમ ઈન્ડિયાની કેપ્ટનશીપને લઈને એક મોટો ખુલાસો

# કેપ્ટનશીપની રેસમાં જસપ્રીત બુમરાહ પ્રથમ નંબરે હતો

## શુભમન ગિલ BCCIની બીજી પસંદગી હતો, ટીમ ઈન્ડિયાના સ્ટાર પેસ બોલર જસપ્રીત બુમરાહએ ઓફરને ફગાવી દીધી હતી

નવી દિલ્હી, તા.૧૮

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે ટેસ્ટ શ્રેણી શરૂ થાય તે પહેલા ટીમ ઈન્ડિયાની કેપ્ટનશીપને લઈને એક મોટો ખુલાસો થયો છે. કેપ્ટનશીપની રેસમાં ઓસ્ટ્રેલિયા પ્રવાસ પર ટીમ ઈન્ડિયાને એકમાત્ર જીત અપાવનાર કેપ્ટન જસપ્રીત બુમરાહ પણ હતો. હવે સમાચાર એ છે કે શુભમન ગિલ BCCIની બીજી પસંદગી હતો, ટીમ ઈન્ડિયાના સ્ટાર પેસ બોલર જસપ્રીત બુમરાહએ BCCIની ઓફરને ફગાવી દીધી હતી.

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI) ગયા વર્ષના અંતમાં ઓસ્ટ્રેલિયા પ્રવાસ બાદ રોહિત શર્મા અને વિરાટ કોહલીની અચાનક નિવૃત્તિએ આગમાં ઘી ઉમેર્યું છે. કોહલીની ટેસ્ટ નિવૃત્તિ પછી BCCIને ભારે ટ્રોલ કરવામાં આવ્યું.

હવે પ્રશ્ન એ હતો કે કેપ્ટન કોણ બનશે, જસપ્રીત બુમરાહ રેસમાં સૌથી આગળ હતો. આ પછી, બોર્ડ પાસે કેએલ રાહુલ, ઋષભ પંત, શુભમન ગિલ જેવા વિકલ્પો પણ હતા. આખરે ગિલની કેપ્ટનશીપની જાહેરાત કરવામાં આવી. હવે ટેસ્ટ શ્રેણીના માત્ર ૩ દિવસ પહેલા, જસપ્રીત બુમરાહએ આ મુદ્દા પર ખુલીને વાત કરી છે.

ભારત-ઈંગ્લેન્ડ ટેસ્ટ શ્રેણી પહેલા બુમરાહે સ્કાય સ્પોર્ટ્સ પર દિનેશ કાર્તિક સાથેની મુલાકાતમાં કહ્યું હતું કે, આઈપીએલ દરમિયાન રોહિત અને વિરાટ નિવૃત્ત થયા તે પહેલાં, મેં પાંચ ટેસ્ટ મેચની શ્રેણીમાં મારા વર્કલોડ વિશે બીસીસીઆઈ સાથે વાત કરી હતી. મેં મારી પીઠની સારવાર કરનારા લોકો સાથે વાત કરી છે. મેં સર્જન સાથે પણ વાત કરી છે, જેમણે હંમેશા મને કહ્યું છે કે તારે વર્કલોડ વિશે સાવધાન રહેવું જોઈએ. તેથી મેં તેમની સાથે વાત કરી અને પછી અમે આ નિષ્કર્ષ પર આવ્યા કે મારે થોડું સાવધાન રહેવું પડશે.

બુમરાહએ આગળ કહ્યું, એટલા માટે જ મેં BCCIને ફોન કર્યો અને કહ્યું કે હું નેતૃત્વની ભૂમિકામાં જોવા માંગતો નથી કારણ કે હું પાંચ ટેસ્ટની શ્રેણીમાં બધી ટેસ્ટ મેચ રમી શકીશ નહીં. હા, BCCI મને નેતૃત્વ માટે જોઈ રહ્યું હતું. પરંતુ પછી મારે ના કહેવું પડ્યું, આ ટીમ માટે પણ વાજબી નથી, તમે જાણો છો કે પાંચ ટેસ્ટની શ્રેણીમાં ત્રણ મેચનું નેતૃત્વ કોઈ બીજું કરી રહ્યું છે, તો બે મેચનું નેતૃત્વ કોઈ બીજું કરી રહ્યું હોય. આ ટીમ માટે વાજબી નથી. હું હંમેશા ટીમને પ્રથમ રાખવા માંગતો હતો.

### સિવિલમાં વધુ એક દર્દીનું મોત

# અત્યાર સુધી ૧૯૦ DNA મેચ થયા, ૧૫૯ મૃતદેહ સોંપાયા

## અમદાવાદમાં બનેલી પ્લેન દુર્ઘટના બાદ મૃતકોની ઓળખ કરવા ડીએનએ ટેસ્ટ કરવામાં આવી રહ્યાં છે

અમદાવાદ, તા.૧૮

અમદાવાદમાં પ્લેન ક્રેશની ગોઝારી દુર્ઘટના બની તેને આજે છ દિવસ પસાર થઈ ગયા છે. ૧૨ જૂનની બપોર અમદાવાદ માટે ક્યારેય ભૂલી શકાશે નહીં. આ દિવસે બપોરે એર ઈન્ડિયાનું વિમાન ક્રેશ થયું હતું, જેમાં ૨૭૦ લોકોના મોત થયા હતા. મૃતકોની ઓળખ માટે ડીએનએ પ્રક્રિયા ચાલી રહી છે. ૧૮ જૂને સવારે ૧૦.૪૫ કલાકના અપડેટ પ્રમાણે કુલ ૧૯૦ મૃતકોના DNA સેમ્પલ મેચ થઈ ગયા છે. જેમાં ૧૫૯ મૃતદેહ પરિવારને સોંપી દેવામાં આવ્યા છે અને ૩૩ મૃતદેહ સોંપવાના બાકી છે.

સિવિલ હોસ્પિટલના વડા ડો. રાકેશ જોષીએ જણાવ્યુ કે ૧૯૦ ડીએનએ મેચ થયા છે, જેમાં ૧૫૯ મૃતદેહ પરિવારને સોંપી દેવામાં આવ્યા છે. તેમણે જણાવ્યું કે ૧૦ મૃતદેહ એવા છે જેના સગાની કોઈ માહિતી નથી. અત્યાર સુધી ૧૨૫ ભારતીય, ૪ પોર્ટુગીઝ, ૩૮ બ્રિટિશ અને ૧ કેનેડાની નાગરિકતા ધરાવતા મુસાફરોના મૃતદેહ સોંપી દેવામાં આવ્યા છે. અત્યાર સુધી ૧૩૯ લોકોના ડેથ સર્ટિફિકેટ ઈશ્યુ કરી દેવામાં આવ્યા છે.

અમદાવાદમાં બનેલી વિમાન દુર્ઘટનામાં સવાર ૨૪૨ લોકોમાં માત્ર વિશ્વાસ કુમાર રમેશનો જીવ બચી ગયો હતો. ત્યારબાદ તેની સારવાર સિવિલ હોસ્પિટલમાં ચાલતી હતી. હવે વિશ્વાસ કુમારને રજા આપી દેવામાં આવી છે. આ સાથે દુર્ઘટનામાં મૃત્યુ પામનાર વિશ્વાસ કુમારના ભાઈનો મૃતદેહ પરિવારજનોને સોંપી દેવામાં આવ્યો છે. દીવમાં તેની અંતિમ વિધિ કરવામાં આવશે.

પ્લેન દુર્ઘટનામાં અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં નવ દર્દીઓ સારવારમાં હતા, જેમાં ગત સાંજે એક દર્દીનું મોત થયું છે. આ સિવાય વિશ્વાસને રજા અપાયા બાદ સાત દર્દીઓ સિવિલમાં સારવાર લઈ રહ્યાં છે. સિવિલમાં અત્યાર સુધી કુલ દાખલ કરવામાં આવેલા ૭૧ દર્દીમાં ત્રણના મોત થયા છે.

### સંજય વર્મા નામના વ્યક્તિની એન્ટ્રી

# ૨૫ દિવસમાં ૧૧૯ કોલ; બેવફા સોનમ કેસમાં મોટો ખુલાસો થયો

## સોનમની કોલ ડિટેઈલથી એક વ્યક્તિના નંબર મળ્યા

ઈન્દોર, તા.૧૮

રાજા રઘુવંશી હત્યા કેસમાં નવો વળાંક આવ્યો છે. મેઘાલય પોલીસની તપાસમાં જાણવા મળ્યું છે કે, સોનમ રઘુવંશી કલાકો સુધી કોઈ સંજય વર્મા સાથે વાત કરતી હતી. જ્યારે સંજય વર્માને ફોન કરવામાં આવ્યો, ત્યારે તેનો નંબર બંધ આવી રહ્યો હતો. સોનમે ૧ માર્ચથી ૨૫ માર્ચ દરમિયાન સંજય વર્માને ૧૧૯ વાર ફોન કર્યો હતો. આ દરમિયાન, સંજય અને સોનમ એક મહિનામાં ૨૩૪ વાર વાત કરી હતી.

હવે જોવાનું એ રહે છે કે, સંજય કોણ છે અને રાજા રઘુવંશી કેસમાં તેની શું ભૂમિકા હોઈ શકે છે? ઉલ્લેખનીય છે કે, ૨૩ મેના રોજ શિલોંગમાં રાજા રઘુવંશીની હત્યા કરવામાં આવી હતી. પોલીસે આ કેસમાં સોનમ સહિત ૫ લોકોની ધરપકડ કરી છે.

શિલોંગ પોલીસ રાજા રઘુવંશી હત્યા કેસને ગંભીરતાથી લઈ રહી છે અને એક કડીને બીજી કડી સાથે જોડી રહી છે. આ સંદર્ભમાં, મંગળવારે પોલીસની એક ટીમ ઈન્દોરમાં રાજા રઘુવંશીના ઘરે પહોંચી હતી. પોલીસ અધિકારીઓએ રાજાના પરિવાર સાથે વાત કરી અને સોનમના વર્તન અને લગ્ન પછી ઈન્દોરમાં વિતાવેલા દિવસો વિશે પૂછપરછ કરી હતી.

પોલીસ ટીમમાં સામેલ ત્રણ અધિકારીઓએ રાજા રઘુવંશીના ભાઈ વિપિન રઘુવંશી અને તેની માતાની પણ પૂછપરછ કરી હતી. પૂછપરછ બાદ વિપિને જણાવ્યું કે, ત્રણ અધિકારીઓ અમારા ઘરે આવ્યા હતા. તેઓએ અમારી પાસેથી ફક્ત એ માહિતી લીધી કે, લગ્ન પછી ચાર દિવસ સોનમ અમારા ઘરે રહી હતી, ત્યારે તેનું વર્તન કેવું હતું અને તે પરિવારના સભ્યો સાથે કેવી વાત કરતી હતી.

વિપિને કહ્યું કે, મેં અધિકારીઓને કહ્યું કે, હું સોનમનો જેઠ છું, તેથી અમે ક્યારેય તેની સામે ગયા નથી કે વાત કરી નથી. મેં તેમને કહ્યું કે, અમે સોનમને વધારે જોઈ પણ નથી, તેથી તેણી કેવી રીતે વર્તતી હતી તે વિશે અમે વધુ કહી શકીએ તેમ નથી. આ સમય દરમિયાન, પોલીસે રાજા રઘુવંશીની માતાની પણ પૂછપરછ કરી અને જાણવાનો પ્રયાસ કર્યો કે, સોનમની હાજરી દરમિયાન ઘરમાં કોઈ અસામાન્ય પ્રવૃત્તિ કે, તણાવ જોવા મળ્યો હતો કે નહીં.

જણાવી દઈએ કે, ૨ જૂનના રોજ, સોનમના પતિ રાજા રઘુવંશીનો મૃતદેહ મેઘાલયના પૂર્વ ખાસી હિલ્સ જિલ્લાના સોહરાના રિયાટ અરલિયાંગમાં વેઈ સાવડોંગ પાર્કિંગ લોટ નીચે એક ઊંડા ખાડામાંથી મળી આવ્યો હતો. તેના પતિનો મૃતદેહ મળ્યાના થોડા દિવસો પછી, ૭ જૂનના રોજ સોનમે ઉત્તર પ્રદેશના ગાઝીપુરમાં પોલીસ સમક્ષ આત્મસમર્પણ કર્યું અને તેને રોડ માર્ગે પટના, પછી કોલકાતા અને પછી ગુવાહાટી લઈ જવામાં આવી હતી. ગુવાહાટી એરપોર્ટથી, તેણીને શિલોંગના સદર પોલીસ સ્ટેશનમાં લાવવામાં આવી હતી. બાકીના ચાર આરોપીઓને શિલોંગ લાવવામાં આવ્યા હતા. ૧૧ જૂનના રોજ, બધા આરોપીઓને શિલોંગ જિલ્લા અને સત્ર અદાલતમાં રજૂ કરવામાં આવ્યા, જ્યાંથી તેમને પોલીસ કસ્ટડીમાં મોકલી દેવામાં આવ્યા હતા. કોર્ટમાં હાજર થતાં પહેલાં, સોનમે તેના પતિ રાજા રઘુવંશીના મૃત્યુમાં તેની ભૂમિકા સ્વીકારી હતી. જ્યારે મેઘાલય પોલીસે તેણીને તેના પ્રેમી રાજ કુશવાહ સાથે મળી પૂછપરછ કરી, ત્યારે તેણીએ પોતાનો ગુનો કબૂલી લીધો હતો.

### બાબનરાવ ઘોલપ પણ બડગુજર સાથે ભાજપમાં જોડાયા

# શિવસેનાના નેતા સુધાકર બડગુજરના અંતે કેસરિયા

## ભાજપે જ બડગુજર પર બોમ્બ બ્લાસ્ટના દોષિત અને દાઉદ ગેંગના સભ્ય સલીમ કુટ્ટા સાથે પાર્ટી કરવાનો આરોપ લગાવ્યો હતો

મુંબઈ, તા.૧૮

ભાજપે શિવસેના (ઉદ્ધવ બાળાસાહેબ ઠાકરે) ના નાસિક એકમના પૂર્વ વડા સુધાકર બડગુજરને પાર્ટીમાં સામેલ કર્યા. નવાઈની વાત એ છે કે ગયા વર્ષે ભાજપે જ બડગુજર પર ૧૯૯૩ના બોમ્બ બ્લાસ્ટના દોષિત અને દાઉદ ગેંગના સભ્ય સલીમ કુટ્ટા સાથે પાર્ટી કરવાનો આરોપ લગાવ્યો હતો. તેમજ મહારાષ્ટ્રના તત્કાલીન નાયબ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે આ કથિત ગેંગસ્ટર લિંકની તપાસ માટે SIT ની રચનાની જાહેરાત કરી હતી.

મીડિયા અહેવાલ મુજબ, ભાજપના ધારાસભ્ય નિતેશ રાણેએ વિધાનસભામાં બડગુજર સામે આ મુદ્દો ઉઠાવ્યો હતો અને સલીમ કુટ્ટા સાથે પાર્ટી કરતા તેમના કથિત ફોટો રજૂ કર્યા હતા. શિવસેનાના નેતા દાદા ભૂસેએ પણ આ બાબતે પ્રશ્નો ઉઠાવ્યા હતા. થોડા અઠવાડિયા પહેલા, શિવસેના (UBT) એ સુધાકર બડગુજરને પાર્ટીમાંથી હાંકી કાઢ્યા હતા કારણ કે એવી અટકળો ચાલી રહી હતી કે તેઓ ભાજપમાં જોડાઈ શકે છે. બે અઠવાડિયા પહેલા, બડગુજર દેવેન્દ્ર ફડણવીસને મળ્યા હતા.

જોકે, ભાજપના પ્રદેશ પ્રમુખ ચંદ્રશેખર બાવનકુલેએ અગાઉ દાવો કર્યો હતો કે તેમને બડગુજરના પાર્ટીમાં પ્રવેશ અંગે કોઈ માહિતી નથી. પરંતુ જ્યારે બડગુજર મંગળવારે બપોરે ૩.૩૦ વાગ્યે તેમના સમર્થકો સાથે મુંબઈ સ્થિત ભાજપ કાર્યાલય પહોંચ્યા ત્યારે બાવનકુલે, પ્રદેશ કાર્યકારી પ્રમુખ રવિન્દ્ર ચવ્હાણ અને કેબિનેટ મંત્રી ગિરીશ મહાજન દ્વારા તેમનું સ્વાગત કરવામાં આવ્યું. આ સમયે દરમિયાન, શિવસેના-ભાજપ સરકારમાં મંત્રી રહેલા બાબનરાવ ઘોલપ પણ બડગુજર સાથે ભાજપમાં જોડાયા.

આ નિર્ણયને લઈને ભાજપના નાસિક એકમમાં નારાજગી ફેલાઈ હતી. નાસિક ભાજપના જિલ્લા પ્રમુખ સુનીલ કેદાર પોતે બડગુજરના પ્રવેશના વિરોધમાં હતા. જોકે તેઓ આ કાર્યક્રમમાં હાજર રહ્યા હતા, પરંતુ નાસિક પશ્ચિમના ભાજપ ધારાસભ્ય સીમા હિરે, જેમની સામે બડગુજર ચૂંટણી લડ્યા હતા, તેઓ આ કાર્યક્રમથી દૂર રહ્યા.

૧૯૯૩ના મુંબઈ બોમ્બ વિસ્ફોટોમાં ૨૫૭ લોકો માર્યા ગયા હતા અને લગભગ ૧૪૦૦ ઘાયલ થયા હતા. આ હુમલાનું કાવતરું દાઉદ ઈબ્રાહિમની ડી-કંપની દ્વારા રચવામાં આવ્યું હતું, જેમાં સલીમ કુટ્ટા જેવા સહયોગીઓએ મુખ્ય ભૂમિકા ભજવી હતી.

### એર ઈન્ડિયાના વિમાનના એન્જિન વિશે મોટો ખુલાસો

# ૧૨ વર્ષ જૂના આ પ્લેનના જમણી સાઈડના એન્જિનનું હાલમાં જ સમારકામ થયું હતું

## ત્રણ મહિના પહેલા માર્ચ ૨૦૨૫માં બદલવામાં આવ્યું

અમદાવાદ, તા.૧૮

અમદાવાદમાં ૧૨ જૂને ભીષણ અકસ્માતનો ભોગ બનેલા એર ઈન્ડિયાના વિમાન અંગે એક ચોંકાવનારા સમાચાર સામે આવ્યા છે. લગભગ ૧૨ વર્ષ જૂના આ પ્લેનના જમણી સાઈડના એન્જિનનું હાલમાં જ સમારકામ થયું હતું અને તેને ત્રણ મહિના પહેલા માર્ચ ૨૦૨૫માં બદલવામાં આવ્યું હતું.

અમદાવાદથી લંડન માટે ઉડેલું આ વિમાન ગણતરીની પળોમાં દુર્ઘટનાગ્રસ્ત થયું અને આગના ગોળામાં ફેરવાઈ ગયું હતું જેણે વિમાનમાં સવાર ૨૪૨માંથી ૨૪૧ લોકો સહિત ૨૭૦થી વધુ લોકોના ભોગ લીધા.

મીડિયા રિપોર્ટમાં સૂત્રને ટાંકીને જણાવ્યું છે કે એર ઈન્ડિયાના આ વિમાનની જૂન ૨૦૨૩માં ડિટેલ મેન્ટેનન્સ તપાસ કરાઈ હતી ને આ વર્ષે ડિસેમ્બરમાં તેની તપાસનો આગામી રાઉન્ડ નિર્ધારિત કરાયો હતો. એપ્રિલમાં એર ઈન્ડિયાએ બોઈંગ ૭૮૭-૮ ડ્રીમ લાઈનર માટે વીમા કવરને ૭૫૦ કરોડ રૂપિયાથી વધીને ૮૫૦ કરોડ રૂપિયા કરી દીધુ હતું. અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ આંતરરાષ્ટ્રીય એરપોર્ટથી ઉડાણ ભર્યાના ગણતરીની મિનિટો બાદ વિમાન સંખ્યા છૈં ૧૭૧ મેઘાણીનગરમાં એક મેડિકલ કોલેજના બિલ્ડિંગ સાથે અથડાયું જેમાં ૨૪૧ મુસાફરો અને ક્રુ સભ્યો સહિત ૨૭૦ લોકોના મોત થયા. આ અકસ્મતમાં ભારતીય મૂળના એક બ્રિટિશ નાગરિકનો આબાદ બચાવ થયો.એર ઈન્ડિયાના વિમાનમાં જમીન પર પડતા જ જોરદાર ધડાકો થયો અને ભયાનક આગ લાગી હતી. અકસ્માત બાદ વિમાનના કાટમાળમાંથી કાઢેલા મૃતદેહોમાંથી મોટાભાગના ભડથું થઈ ગયા હહતા. જેના કારણે તેમના ડીએનએ મેચ કરાયા બાદ ઓળખ થઈ રહી છે. આ અકસ્માતમાં ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીનું પણ નિધન થયું.

### અમરનાથ યાત્રા માટે નવી માર્ગદર્શિકા જાહેરી

# અમરનાથ યાત્રા દરમિયાન શ્રદ્ધાળુઓ માટે હેલિકોપ્ટર સેવા ઉપલબ્ધ રહેશે નહીં

## અમરનાથજી શ્રાઇન બોર્ડ અનુસાર, પહેલગામ અને બાલતાલ રૂટને નો ફ્લાઈંગ ઝોન જાહેર કરવામાં આવ્યો

જમ્મુ, તા.૧૮

અમરનાથ યાત્રામાં યાત્રીઓની સુરક્ષાને લઈ સરકારનો મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. અમરનાથ યાત્રામાં હેલિકોપ્ટર સેવા બંધ કરવામાં આવી છે. આ વર્ષે યાત્રાળુઓ માટે હેલિકોપ્ટર સેવા બંધ કરવામાં આવી છે. તીર્થયાત્રાના રૂટને નો ફ્લાઈંગ ઝોન જાહેર કરવામાં આવ્યો છે. ૧ જુલાઈથી ૧૦ ઓગષ્ટ સુધી તિર્થયાત્રાનો રૂટ નો ફ્લાઈંગ ઝોન જાહેર કરાયો છે. ૩ જુલાઈથી અમરનાથ યાત્રાનો પ્રારંભ થવાનો છે. શ્રદ્ધાળુઓ પગપાળા, ઘોડા અથવા પાલખી પર મુસાફરી કરી શકે છે. યાત્રા ૩ જુલાઈથી શરૂ થશે અને ૯ ઓગસ્ટ સુધી ચાલુ રહેશે. આ વખતે ઓનલાઈન બુકિંગ અને અલગ ભાડાની વ્યવસ્થા પણ ઉપલબ્ધ રહેશે નહીં.

બાબા અમરનાથ યાત્રા ૩ જુલાઈથી શરૂ થઈ રહી છે, જે ૩૮ દિવસની હશે અને ૯ ઓગસ્ટ, રક્ષાબંધનના દિવસે સમાપ્ત થશે. પહેલગામ અને બાલતાલ રૂટથી દર વર્ષે હેલિકોપ્ટર સેવા ચાલતી હતી. બંને રૂટ માટે ઓનલાઈન બુકિંગ કરવામાં આવ્યું હતું અને અલગ અલગ ભાડા નક્કી કરવામાં આવ્યા હતા. નો ફ્લાઈંગ ઝોન જાહેર થવાને કારણે હેલિકોપ્ટર સેવા ન આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

નોંધનીય છે કે, અમરનાથ યાત્રા દર વર્ષે લગભગ ૪૫ થી ૬૦ દિવસ ચાલે છે. ગયા વર્ષે, તે ૨૯ જૂનથી શરૂ થઈ હતી અને ૧૯ ઓગસ્ટ, રક્ષાબંધનના દિવસે સુધી ચાલુ રહી હતી. પહેલગામ રૂટ દ્વારા મુસાફરી ૪૮ કિમી છે પણ એકદમ સરળ છે. બાલટાલ રૂટ પરથી મુસાફરી કરવાનું અંતર ફક્ત ૧૪ કિલોમીટર છે, પરંતુ તે ખૂબ જ મુશ્કેલ માર્ગ માનવામાં આવે છે.

ગયા વર્ષે, અમરનાથ યાત્રા માટે રજીસ્ટ્રેશન ૧૭ એપ્રિલથી શરૂ થયું હતું. રજીસ્ટ્રેશન ઓનલાઈન અને ઓફલાઈન બંને માધ્યમો દ્વારા લેવામાં આવે છે. આ વખતે પણ આવી જ તૈયારીઓ કરવામાં આવી રહી છે. આ બેઠકની અધ્યક્ષતા અમરનાથ શ્રાઈન બોર્ડના અધ્યક્ષ અને જમ્મુ કાશ્મીરના એલજી મનોજ સિંહાએ કરી હતી, જેમાં જમ્મુ કાશ્મીરના ડીજીપી નલિન પ્રભાત, મુખ્ય સચિવ અટલ ધુલ્લુ અને અન્ય ઘણા વરિષ્ઠ અધિકારીઓ પણ હાજર રહ્યા હતા.

એવું કહેવામાં આવી રહ્યું છે કે નોંધણી પ્રક્રિયા ૧૫ માર્ચ, ૨૦૨૫ થી શરૂ થશે, જેમાં પહેલા આવો પહેલા મેળવોના ધોરણે પરમિટ આપવામાં આવશે. માર્ગદર્શિકામાં જણાવાયું છે કે ૧૩ વર્ષથી ઓછી ઉંમરના બાળકો અને ૭૫ વર્ષથી વધુ ઉંમરના લોકો નોંધણી માટે પાત્ર રહેશે નહીં. અમરનાથ યાત્રા શરૂ કરતા પહેલા, બધા યાત્રાળુઓએ ફરજિયાત આરોગ્ય પ્રમાણપત્ર બતાવવું પડશે. દરેક યાત્રાળુને ફક્ત એક જ મુસાફરી પરમિટની મંજૂરી આપવામાં આવશે, જે ટ્રાન્સફર કરવામાં આવશે નહીં.

પીડીપીના ધારાસભ્ય વહીદ ઉર રહેમાન પરાએ અમરનાથ યાત્રાના બાલટાલ રૂટથી પવિત્ર ગુફા સુધીના રસ્તાના નિર્માણનો વિરોધ કર્યો છે. તેમણે રાજ્ય વિધાનસભામાં એક પ્રશ્ન દ્વારા આ મુદ્દો ઉઠાવ્યો. નાયબ મુખ્યમંત્રી સુરેન્દ્ર ચૌધરીએ તેમના નિવેદનોને પબ્લિસિટી સ્ટંટ ગણાવ્યા.

### ૧૧ કિ.મી. ઊંચે રાખના વાદળ છવાયા

# ઈન્ડોનેશિયામાં જ્વાળામુખી ફાટ્યો, જોતા જ શ્વાસ થંભી ગયા

## લેવોટોબી લાકી-લાકી ઈન્ડોનેશિયાની એક ૧૫૮૪ મીટર ઊંચો જ્વાળામુખી છે, જે ફ્લોરેસ દ્વીપ પર સ્થિત છે

ઈન્ડોનેશિયા, તા.૧૮

ઈન્ડોનેશિયાના ઈસ્ટ નુસા તેંગારા પ્રાંતમાં સ્થિત માઉન્ટ લેવોટોબી લાકી-લાકી જ્વાળામુખીમાં જબરદસ્ત ધમાકો થયો, જેનાથી ૧૧ કિલોમીટર ઊંચા રાખના વાદળ આકાશમાં ફેલાઈ ગયા હતા. દેશની જ્વાળામુખી વિજ્ઞાન એજન્સીએ આ વિસ્ફોટ બાદ જ્વાળામુખી માટે સૌથી ખતરનાક ચેતવણી સ્તર જાહેર કરી દીધી છે.

લેવોટોબી લાકી-લાકી ઈન્ડોનેશિયાની એક ૧૫૮૪ મીટર ઊંચો જ્વાળામુખી છે, જે ફ્લોરેસ દ્વીપ પર સ્થિત છે. આ જ્વાળામુખી એક જૂડવા પ્રણાલીનો ભાગ છે. બીજો જ્વાળામુખી લેવોટોબી પેરંપુઆન જે થોડો વધારે ઊંચો છે પરંતુ, સામાન્ય તે રૂપે શાંત રહે છે.

સ્થાનિક સમયાનુસાર, સાંજે ૫:૩૫ વાગ્યે માઉન્ટ લેવોટોબી લાકી-લાકીમાં શક્તિશાળી વિસ્ફોટ થયો હતો. આ દરમિયાન કેસરી રંગનો એક વિશાળ મશરૂમ જેવો આકાર લઈને રાખનું વાદળ ગામડાઓની ઉપર ફેલાઈ ગયું. ઈન્ડોનેશિયાની જ્વાળામુખી એજન્સી દ્વારા શેર કરવામાં આવેલી તસવીરોમાં આ નજારો સ્પષ્ટરૂપે જોઈ શકાય છે.

જોકે, હજુ સુધી કોઈપણ પ્રકારના હવાઈ પરિવહનમાં રૂકાવટની સૂચના નથી મળી. નોંધનીય છે કે, માર્ચમાં થયેલા વિસ્ફોટના સમયે ઓસ્ટ્રેલિયાની જેટસ્ટાર અને ક્વાંટાસ એરવેઝ સહિત અનેક ફ્લાઈટ્સને બાલી જતા રોકવામાં આવી હતી. ઈન્ડોનેશિયાની ભૂ-વૈજ્ઞાનિક એજન્સીના પ્રમુખ મોહમ્મદ વાફિદે જણાવ્યું કે, 'ભારે વરસાદની સ્થિતિમાં લાવા વહેવાનું જોખમ વધી શકે છે.

જેના કારણે તંત્રએ નાગરિકો અને પ્રવાસીઓને જ્વાળામુખી ક્રેટરથી ઓછામાં ઓછા ૭ કિલોમીટરની દૂરી જાળવી રાખવાની સલાહ આપી છે.' મે મહિનામાં જ્યારે આ જ્વાળામુખી છેલ્લીવાર ફાટ્યો હતો, ત્યારે પણ આ પ્રકારની ચેતવણી આપવામાં આવી હતી.

નવેમ્બર ૨૦૨૩માં થયેલા વિસ્ફોટમાં ૯ લોકોના મોત નિપજ્યા હતા અને હજારો લોકોએ પોતાના ઘર છોડીને સુરક્ષિત જગ્યાએ ભાગવું પડ્યું હતું.

### અમદાવાદ પ્લેન ક્રેશમાં ભાઈ-ભાભીનું મૃત્ય

# દુ:ખદ સમાચાર સાંભળીને આઘાતમાં મોટા બહેનનું મોત

## દુર્ઘટનાના બીજા દિવસે ગોમતીબહેનનું મૃત્યુ થયું હતું

અમદાવાદ, તા.૧૮

અમદાવાદમાં ૧૨ જૂને બપોરે ૧.૪૦ કલાક આસપાસ એર ઈન્ડિયાનું વિમાન મેઘાણીનગર વિસ્તારમાં ક્રેશ થઈ ગયું હતું.

વિમાને અમદાવાદ એરપોર્ટ પરથી લંડન જવા માટે ઉડાન ભરી પરંતુ ગણતરીના સમયમાં વિમાન ક્રેશ થયું હતું. વિમાનમાં સવાર ૨૪૧ લોકોના મોત થયા હતા, જ્યારે વિમાન જે જગ્યાએ ક્રેશ થયું ત્યાં ૩૦ જેટલા લોકોના મોત થયા હતા. આ દુર્ઘટના બાદ અનેક રૂવાંડા ઉભા કરી દેતી કહાનીઓ સામે આવી રહી છે.

અમદાવાદમાં વિમાન દુર્ઘટનામાં ચાંદખેડાના એક દંપતીનું પણ નિધન થયું હતું. આ પતિ-પત્નીના મૃતદેહ તેમના પરિવારને સોંપી દેવામાં આવ્યા છે. અમદાવાદના ચાંદખેડામાં રહેતા ૬૫ વર્ષીય ભોગીલાલ પરમાર અને તેમના પત્ની હંસાબેન પરમારે વિમાન દુર્ઘટનામાં પોતાનો જીવ ગુમાવ્યો છે. બંને લોકો લંડનમાં રહેતા પુત્ર અને પુત્રવધૂ પાસે પ્રથમવાર જઈ રહ્યાં હતા. માતા-પિતાના મૃત્યુના સમાચાર સાંભળી પુત્ર લંડનથી અમદાવાદ દોડી આવ્યો હતો. ડીએનએ ટેસ્ટ બાદ મૃતદેહની ઓળખ થતાં પરિવારને અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં મૃતદેહ સોંપવામાં આવ્યા હતા. આ વચ્ચે પરમાર પરિવાર પર બીજો દુખનો પહાડ તૂટી પડ્યો હતો.પ્રાપ્ત વિગત અનુસાર આ ઘટના વિશે ભાઈ-ભાઈનું મૃત્યુ થયાનું જાણી ભોગીલાલના મોટા પહેન ગોમતીબહેન પરમાર આઘાતમાં સરી પડ્યાં હતાં. દુર્ઘટનાના બીજા દિવસે ૧૩મેએ ગોમતીબહેનનું પણ મૃત્યુ થયું હતું. તેવામાં પરમાર પરિવાર પર એક સાથે બે સંકટ આવી પડ્યા છે.

### ટેકઓફ સમયે એક્ટિવ થયું હતું 'RAT'

# અમદાવાદ પ્લેન દુર્ઘટનાના ઓડિયો વીડિયોથી મળ્યો ગંભીર સંકેત

**RAT બંને એન્જિન ફેઈલ થઈ જાય કે ઈલેક્ટ્રિક કે હાઈડ્રોલિક સિસ્ટમ સંપૂર્ણ રીતે ફેલ થઈ જાય ત્યારે બહાર નીકળે છે**

નવી દિલ્હી, તા.૧૮

૧૨ જૂનના રોજ અમદાવાદમાં થયેલા ભયાનક પ્લેન અકસ્માતે સમગ્ર દેશ દુનિયાને હચમચાવી દીધા છે. અમદાવાદથી લંડન જઈ રહેલું એર ઈન્ડિયાનું બોઈંગ ૭૮૭-૮ ડ્રીમ લાઈનર વિમાન (ફ્લાઈટ AI-171) ઉડાણ ભર્યાની માત્ર ૩૨ સેકન્ડમાં બીજે મેડિકલ કોલેજના કમ્પાઉન્ડમાં તૂટી પડ્યું.

આ વિમાન અકસ્માતમાં સવાર ૨૪૨ લોકોમાંથી ૨૪૧ લોકોએ જીવ ગુમાવ્યા જયારે ઘટનાસ્થળ પર હાજર ઓછામાં ઓછા ૩૦ લોકોના પણ મોત થયા. જીવ ગુમાવનારા લોકોમાં બીજે મેડિકલ કોલેજના ટ્રેઈની ડોક્ટર્સ પણ સામેલ હતા. આ દર્દનાક અકસ્માતમાં એકમાત્ર ૪૦ વર્ષના બ્રિટિશ નાગરિક વિશ્વાસકુમાર રમેશનો જ આબાદ બચાવ થઈ શક્યો.

હવે ઈન્વેસ્ટિગેશન ટીમને એક મોટો સુરાગ મળ્યો છે. ટીમે અકસ્માતના વીડિયો અને ઓડિયોથી જાણકારી મેળવી છે કે ટેકઓફની ગણતરીની પળો બાદ જ પ્લેનનું 'Ram Air Turbine' એટલે કે RAT એક્ટિવ થઈ ગયું હતું. એવું કહેવાય છે કે આ અકસ્માતના કારણો સમજવામાં તે મહત્વપૂર્ણ સાબિત થઈ શકે છે. RAT એક પ્રકારનું નાનકડું પંખા જેવું સાધન હોય છે જે સામાન્ય રીતે જ્યારે વિમાનના બંને એન્જિન ફેઈલ થઈ જાય કે ઈલેક્ટ્રિક કે હાઈડ્રોલિક સિસ્ટમ સંપૂર્ણ રીતે ફેલ થઈ જાય ત્યારે બહાર નીકળે છે. તેનો અર્થ સ્પષ્ટ છે કે ટેકઓફના માત્ર ૩૨ સેકન્ડની અંદર જ આ ફ્લાઈટ સાથે કંઈક મોટી ગડબડી થઈ હોઈ શકે છે.

૧૨ જૂન ૨૦૨૫ના રોજ બપોરે ૧.૩૯ વાગે એર ઈન્ડિયાની ફ્લાઈટ AI-171 એ અમદાવાદમાં સરકાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટથી લંડનના ગેટવિક એરપોર્ટ માટે ઉડાણ ભરી હતી. વિમાનમાં ૨૪૨ લોકો સવાર હતા. જેમાં ૨૩૦ મુસાફરો અને ૧૨ ક્રૂ મેમ્બર્સ હતા જેમાં ૨ પાઈલોટ સામેલ હતા. ૧૬૯ ભારતીયો, ૫૩ બ્રિટિશર્સ, ૭ પોર્ટુગીસ અને ૧ કેનેડિયન મુસાફરો હતા. ઉડાણ ભર્યાના ગણતરીની સેકન્ડ્સ બાદ પાઈલોટે 'MAYDAY'કોલ કર્યો હતો. ત્યારબાદ તરત જ વિમાનનો સંપર્ક છૂઝ સાથે તૂટી ગયો હતો.

પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યાં મુજબ ૩૨ સેકન્ડની અંદર જ પ્લેન ક્રેશ થઈ ગયું. ફૂટેજ અને એક સ્થાનિક વિદ્યાર્થીઓ આયર્ન અસારી દ્વારા બનાવવામાં આવેલા વીડિયોથી જાણવા મળે છે કે વિમાન ઉડાણ ભર્યા બાદ જરૂરી ઊંચાઈ મેળવી શક્યું નહીં અને ઝડપથી નીચે આવવા લાગ્યું હતું. વિમાન બીજે મેડિકલ કોલેજના એક હોસ્ટેલ ભવન સાથે અથડાયું ત્યારબાદ આગનો ગોળો બની ગયું. આ અકસ્માત બોઈંગ ૭૮૭ ડ્રીમલાઈનરનો પહેલો ઘાતક અકસ્માત હતો. બોઈંગ કંપનીના ડ્રીમલાઈનર વિમાન ૨૦૧૧થી કોમર્શિયલ સર્વિસમાં છે.

### હથિયાર-મિસાઈલ બનાવતી સાઈટ કરી નષ્ટ

# ઈરાનમાં ઘૂસ્યાં ઈઝરાયલના ૫૦ ફાઈટર જેટ, સૈન્ય મથકો પર હુમલો

**ઈરાન-ઈઝરાયલ વચ્ચેના યુદ્ધમાં ઝંપલાવવા અમેરિકાએ યુરોપમાં આશરે ૩૦ ફાઈટર જેટ મોકલ્યા છે**

તહેરાન, તા.૧૮

ઈઝરાયલ અને ઈરાન વચ્ચે ચાલી ભીષણ યુદ્ધમાં ઈઝરાયલના ૫૦ ફાઈટર જેટ ઈરાનમાં ઘૂસ્યા છે. તહેરાન સ્થિત ઈરાનના સેન્ટ્રીફ્યુઝ પ્રોડક્શન અને અનેક હથિયારો બનાવતા સ્થળોને ટાર્ગેટ કરતાં હુમલા કર્યા છે. આ હુમલામાં સેન્ટ્રીફ્યુઝ અને મિસાઈલ બનાવતી સાઈટ નષ્ટ થઈ છે. ઈરાનને ભારે નુકસાન થયુ છે.
ઈઝરાયલ ડિફેન્સ ફોર્સ (IDF)એ જણાવ્યું કે, અમારા ૫૦થી વધુ ફાઈટર પ્લેને આ હુમલાને અંજામ આપ્યો છે. આ હુમલામાં યુરેનિયમને સમૃદ્ધ બનાવવા વપરાતા સેન્ટ્રીફ્યુઝનું ઉત્પાદન કરતા પ્લાન્ટ તથા સરફેસ-ટુ-સરફેસ હુમલો કરતી મિસાઈલ બનાવતી સાઈટને નષ્ટ કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે,પરમાણુ હથિયારોની બનાવટમાં યુરેનિયમ એનરિચમેન્ટને વેગ આપવા સેન્ટ્રીફ્યુઝ વપરાય છે.

ઈઝરાયલના સુરક્ષા દળોએ ઈરાનની રિફાઈનરી અને સૈન્ય મથકો પર પણ હુમલા કર્યા છે. ઈઝરાયલના હુમલામાં ઈરાનના પરમાણુ, બેલેસ્ટિક, અને કમાન્ડ ક્ષમતાઓને મોટાપાયે નુકસાન થાયુ છે.

બીજી બાજુ ઈરાનના રિવોલ્યુશનરી ગાર્ડસે દાવો કર્યો છે કે, બુધવારે ઈરાનના સૈન્ય દળોએ ઈઝરાયલ પર કરેલા હુમલામાં હાઈપરસોનિક Fatah-1નો ઉપયોગ કર્યો હતો. આ મિસાઈલની મદદથી ઈરાનના દળોએ કબજા હેઠળના વિસ્તારોના આકાશ પર નિયંત્રણ મેળવ્યું હોવાનો દાવો કર્યો છે.

ઈરાન સામે યુદ્ધમાં ઝંપલાવવા અમેરિકાએ યુરોપમાં આશરે ૩૦ ફાઈટર જેટ મોકલ્યા છે. જેનો ઉપયોગ અમેરિકાના સૈન્ય મથકોની રક્ષા કરનારા ફાઈટર જેટની સહાયતા માટે કરવામાં આવશે. જે ઈરાનની પરમાણુ સુવિધાઓ પર કોઈપણ સંભવિત હુમલામાં સામેલ ફાઈટર જેટની મદદ કરશે.

ઈરાન અને ઈઝરાયલ વચ્ચે છ દિવસથી યુદ્ધ ચાલી રહ્યું છે. ઈરાને તેલ અવીવમાં હાઈપરસોનિક મિસાઈલ વડે હુમલો કર્યો છે. જેમાં ઈરાને હાઈપરસોનિક મિસાઈલનો ઉપયોગ કર્યો હતો. જેમાં ઈઝરાયલના ૨૪ લોકો માર્યા ગયા છે. બીજી બાજુ ઈઝરાયલ પણ તહેરાન સહિતના વિસ્તારોમાં મોટાપાયે હુમલા કરી રહ્યું છે. ઈઝરાયલના હુમલામાં ઈરાનના ૫૮૫ લોકો માર્યા ગયા છે. અને ૧૩૨૬ લોકો ઈજાગ્રસ્ત થયા છે. ઈરાનના અનેક ટોપ કમાન્ડર માર્યા ગયા છે.

### ગુજરાતમાં નૈઋત્ય ચોમાસાનું આગમન

# ગુજરાત રાજ્યમાં સરેરાશ ૧૦.૪૬ ટકા વરસાદ વરસ્યો

**છેલ્લાં ૨૪ કલાક દરમિયાન રાજ્યના બોટાદ જિલ્લાના બરવાળા તાલુકામાં સૌથી વધુ ૭.૫ ઇંચ જેટલો વરસાદ**

અમદાવાદ, તા.૧૮

નૈઋત્ય ચોમાસાના આગમન સાથે જ રાજ્યમાં ૩૩ જિલ્લાના ૨૨૭ તાલુકાઓમાં હળવાથી ભારે વરસાદની શરૂઆત થઈ છે. સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર ગાંધીનગરના અહેવાલ મુજબ છેલ્લાં ૨૪ કલાક દરમિયાન રાજ્યના બોટાદ જિલ્લાના બરવાળા તાલુકામાં સૌથી વધુ ૭.૫ ઈંચ જેટલો વરસાદ વરસ્યો છે. જ્યારે, સુરેન્દ્રનગર જિલ્લાના સાયલામાં ૬ ઈંચ કરતાં વધુ વરસાદ નોંધાયો છે.

અન્ય તાલુકાઓની વાત કરીએ તો છેલ્લા ૨૪ કલાકમાં બોટાદ તાલુકામાં, સુરેન્દ્રનગરના મુળી અને જામનગરના જોડિયા તાલુકામાં ૫ ઈંચ કરતા વધુ વરસાદ નોંધાયો છે. સુરેન્દ્રનગરના થાનગઢ તેમજ ભાવનગરના ઉમરાળા અને વલ્લભીપુર તાલુકામાં પણ ૪ ઈંચ કરતાં વધુ વરસાદ વરસ્યો છે. આ ઉપરાંત સુરેન્દ્રનગરના ચુડા, બોટાદના રાણપુર, કચ્છના ગાંધીધામ, બનાસકાંઠાના દિયોદર, અમદાવાદના ધંધુકા, આણંદના બોરસદ અને કચ્છના અંજાર તાલુકામાં ૩ ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે. રાજ્યના ૧૭ તાલુકામાં બે ઈંચથી વધુ, ૪૩ તાલુકામાં એક ઈંચથી વધુ જ્યારે, ૧૫૨ તાલુકામાં એક ઈંચ કરતા ઓછો વરસાદ નોંધાયો છે.

૧૮ જૂન, ૨૦૨૫ના રોજ સવારે ૬ કલાક સુધીમાં રાજ્યમાં સીઝનનો કુલ સરેરાશ વરસાદ ૧૦.૪૬ ટકા જેટલો નોંધાયો છે. જેમાં સૌરાષ્ટ્રમાં સૌથી વધુ ૧૯.૧૮ ટકા, કચ્છ વિસ્તારમાં ૧૭.૫૫ ટકા, પૂર્વ મધ્ય ગુજરાતમાં ૯.૭૬ ટકા, ઉત્તર ગુજરાતમાં ૫.૭૫ ટકા અને દક્ષિણ ગુજરાતમાં ૫.૪૫ ટકા સરેરાશ વરસાદ વરસ્યો છે. બોટાદમાં ખેતરમાં ફસાયેલા ૧૮ ખેત મજૂરોને બચાવાયા હતા. ગઢડાના પીપળીયા ગામે વાડી વિસ્તારમાં ખેત મજૂરો ફસાયા હતા. NDRFની ટીમે ૧૮ લોકોને બચાવ્યા હતા. સુરેંદ્રનગરના વઢવાણમાં ૪૬ લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યું હતું. નીચાણવાળા વિસ્તારમાં રહેતા લોકોનું સ્થળાંતર કરાયું હતું. બોટાદના ગઢડામાં મૂશળધાર વરસાદ બાદ રસ્તાઓ ધોવાયા હતા. રમાઘાટ ડેમ ઓવરફ્લો થતા ઘેલો નદી પરના પુલને નુકસાન થયું છે. પાણીના ધસમસતા પ્રવાહ બાદ પુલ પર ઠેક ઠેકાણે ખાડા પડ્યા હતા.

રાજ્યમાં આગામી ૨૪ કલાક હજુ પણ ભારે વરસાદની આગાહી કરવામા આવી છે. ૧૧ જિલ્લામાં વરસાદનું ઓરેન્જ એલર્ટ જાહેર કરાયું છે. દીવ, દમણ અને દાદરાનગર હવેલીમાં પણ ભારે વરસાદની આગાહી કરાઈ છે. રાજ્યમાં ભારે વરસાદના કારણે અત્યાર સુધી ૧૮ લોકોના મોત થયા છે. NDRFની ૧૨ અને SDRFની ૨૨ ટીમ તૈનાત કરવામાં આવી છે. અત્યાર સુધી રાજ્યમાં ૧૩૯ લોકોનું રેસ્ક્યૂ કરવામાં આવ્યું છે.

### નંબર ૩ માટે કરુણ નાયર-સાઈ સુદર્શન વચ્ચે સ્પર્ધા

# ઇંગ્લેન્ડ સિરીઝમાં ૩ ખેલાડી પ્લેઇંગ ૧૧માંથી રહેશે બહાર

**ચાઇનામેન સ્પિનર કુલદીપ યાદવ જેણે ૧૩ ટેસ્ટમાં ૫૬ વિકેટ લીધી છે, તે પ્લેઇંગ ઇલેવનમાંથી બહાર થઈ શકે**

નવી દિલ્હી, તા.૧૮

૨૦ જૂનથી હેડિંગ્લી ખાતે શુભમન ગિલના નેતૃત્વમાં ભારતીય ટીમ ઈંગ્લેન્ડ સામે પાંચ મેચની ટેસ્ટ શ્રેણી રમશે. ગૌતમ ગંભીરના કોચિંગ હેઠળ આ યુવા ટીમ નવા વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ (WTC) ૨૦૨૫-૨૭ચક્રની મજબૂત શરૂઆત કરવા માંગે છે. ૧૮ સભ્યોની ટીમમાં ઘણા પ્રતિભાશાળી ખેલાડીઓનો સમાવેશ થાય છે, પરંતુ ઈંગ્લેન્ડની પરિસ્થિતિઓ અને ટીમ સંયોજનને ધ્યાનમાં રાખીને કેટલાક ખેલાડીઓને પ્લેઈંગ ઈલેવનમાંથી બહાર રાખવા પડી શકે છે. ત્યારે એ ૩ ખેલાડીઓ વિશે જાણીએ જેમનું ઈંગ્લેન્ડમાં રમવું મુશ્કેલ લાગે છે.

ઘરેલુ ક્રિકેટમાં અને ભારત છ માટે સતત સારું પ્રદર્શન કરનાર અભિમન્યુ ઈશ્વરન, ટેસ્ટ ટીમમાં સ્થાન મેળવવા છતાં ફરી એકવાર પ્લેઈંગ ઈલેવનમાંથી બહાર થઈ શકે છે. તાજેતરમાં, તેણે ઈંગ્લેન્ડ લાયન્સ સામે ૮૦ રનની ઈનિંગ રમી, જે ઈન્ડિયા એ માટે તેની સાતમી અડધી સદી હતી.

ટીમના ટોપ ઓર્ડરમાં, યશસ્વી જયસ્વાલ અને કેએલ રાહુલ પ્રથમ બે ઓપનિંગ સ્લોટમાં લગભગ નિશ્ચિત છે. નંબર ૩ માટે કરુણ નાયર અને સાઈ સુદર્શન વચ્ચે સ્પર્ધા છે, જ્યારે કેપ્ટન શુભમન ગિલ નંબર ૪ પર રમશે. આ સ્થિતિમાં, ઈશ્વરન માટે કોઈ સ્લોટ ઉપલબ્ધ હોય તેવું લાગતું નથી.

કુલદીપ યાદવ : ચાઈનામેન સ્પિનર કુલદીપ યાદવ જેણે ૧૩ ટેસ્ટમાં ૫૬ વિકેટ લીધી છે, તે ઈંગ્લેન્ડની સીમિંગ સ્થિતિમાં પ્લેઈંગ ઈલેવનમાંથી બહાર થઈ શકે છે. ટીમમાં પ્રથમ સ્પિનર તરીકે રવિન્દ્ર જાડેજાનું સ્થાન લગભગ નિશ્ચિત છે.

જો જાડેજાને આરામ આપવામાં આવે છે, તો ભારત વોશિંગ્ટન સુંદરને પ્રાથમિકતા આપી શકે છે, જે એક સારો ઓલરાઉન્ડ વિકલ્પ છે. ઈતિહાસ દર્શાવે છે કે દક્ષિણ આફ્રિકા, ઈંગ્લેન્ડ, ન્યુઝીલેન્ડ, ઓસ્ટ્રેલિયામાં ભારત સામાન્ય રીતે ફક્ત એક જ સ્પિનરને મેદાનમાં ઉતારે છે, જેના કારણે કુલદીપની તક ઓછી છે. ધ્રુવ જુરેલ : યુવા વિકેટકીપર-બેટ્સમેન ધ્રુવ જુરેલ જેણે ઈંગ્લેન્ડ લાયન્સ સામે શાનદાર પ્રદર્શન કર્યું (૯૪ અને અણનમ ૫૩), તેને આ પ્રવાસમાં બેકઅપ કીપર તરીકે સામેલ કરવામાં આવ્યો છે. ઈજામાંથી વાપસી કરી રહેલો ઋષભ પંત ટીમનો ઉપ-કપ્તાન છે અને ૫મા નંબર પર રમશે. પંતની ગેરહાજરીમાં ભારત કેએલ રાહુલને વિકેટકીપિંગની જવાબદારીઓ પણ સોંપી શકે છે. આ ઉપરાંત, શાર્દુલ ઠાકુર અથવા નીતિશ રેડ્ડી જેવા ઓલરાઉન્ડરોને ટીમમાં નીચલા ક્રમને મજબૂત કરવા માટે પસંદગી મળવાની શક્યતા છે, જે નિષ્ણાત બેટ્સમેન તરીકે જુરેલની તકોને પણ મર્યાદિત કરી શકે છે. ઈંગ્લેન્ડ પ્રવાસ માટે ૧૮ સભ્યોની ભારતીય ટીમ : શુભમન ગિલ (કેપ્ટન), યશસ્વી જયસ્વાલ, કેએલ રાહુલ, સાઈ સુદર્શન, ઋષભ પંત (વાઈસ-કેપ્ટન/વિકેટકીપર), નીતિશ કુમાર રેડ્ડી, રવીન્દ્ર જાડેજા, ધ્રુવ જુરેલ (વિકેટકીપર), અભિમન્યુ ઈશ્વરન, શાર્દુલ ઠાકુર, જસપ્રીત બુમરાહ, મોહમ્મદ સિરાજ, પ્રસિદ્ધ કૃષ્ણા, કરુણ નાયર, વોશિંગ્ટન સુંદર, આકાશ દીપ, અર્શદીપ સિંહ, કુલદીપ યાદવ.

### GSTને લઈને ૧ જુલાઈથી લાગુ થશે નવો નિયમ

# હવે ત્રણ વર્ષ જૂનું પેન્ડિંગ GST રિટર્ન નહીં કરી શકો ફાઇલ

**આ નિયમ નાણા અધિનિયમ, ૨૦૨૩માં થયેલા સંશોધનના આધારે લાગુ કરવામાં આવશે**

નવી દિલ્હી, તા.૧૮

ગુડ્સ એન્ડ સર્વિસિઝ ટેક્સ નેટવર્ક(GSTN)એ કરદાતાઓને એલર્ટ આપ્યું છે કે, ૧ જુલાઈ, ૨૦૨૫થી ત્રણ વર્ષ જૂના પેન્ડિંગ જીએસટી રિટર્ન ફાઈલ કરી શકાશે નહીં. આ નિયમ નાણા અધિનિયમ, ૨૦૨૩માં થયેલા સંશોધનના આધારે લાગુ કરવામાં આવશે. જેથી GSTNએ સલાહ આપી છે કે, કરદાતાઓ પોતાના પેન્ડિંગ GSTR-1, GSTR-3B અને GSTR-9 જેવા રિટર્ન દાખલ કરી શકશે નહીં. તે પોતાના રેકોર્ડ એકત્ર કરી ઝડપથી પેન્ડિંગ રિટર્ન ફાઈલ કરે. CBIC એ તેના ક્ષેત્રીય અધિકારીઓને પણ સૂચના આપી છે કે તેઓ કરદાતાઓને આ સમયમર્યાદા મુદ્દે માહિતી આપે, જેથી તેઓ સમયસર તેમના તમામ રિટર્ન ફાઈલ કરી શકે. ટેક્સ કન્સલ્ટન્ટે આ અંગે જણાવ્યું હતું કે, આ પગલાંથી કર પ્રણાલીમાં શિસ્ત વધશે, પરંતુ જે કરદાતાઓનું ફાઈલિંગ કાનૂની વિવાદ, તકનીકી સમસ્યા અથવા અજાણ્યા કારણોસર અટવાયેલું છે. તેમને ઈનપુટ ટેક્સ ક્રેડિટ(ITC)માં નુકસાન થઈ શકે છે. ખાસ પરિસ્થિતિઓ માટે કોઈ રાહત પદ્ધતિ વિના આવા કડક પ્રતિબંધથી પ્રામાણિક કરદાતાઓને નાણાકીય નુકસાન થઈ શકે છે. તેથી, આવી પરિસ્થિતિઓ માટે રિઝોલ્યુશન સિસ્ટમ હોવી જરૂરી છે જેથી કરદાતાઓને ન્યાય મળી શકે.
GST પોર્ટલે એક નવી સલાહ જારી કરી છે, જે મુજબ જુલાઈ ૨૦૨૫થી, કરદાતાઓના GSTR-3Bમાં દેખાતી ઓટો-પોપ્યુલેટેડ ટેક્સ જવાબદારી સંપાદિત કરી શકાશે નહીં. હવે જો કરદાતાઓ તેમના GSTR-1 અથવા IFFમાં કોઈપણ ભૂલ સુધારવા માંગતા હોય, તો તેઓ GSTR-3B ફાઈલ કરતાં પહેલા નવા ફોર્મ GSTR-1Aનો ઉપયોગ કરીને સુધારા કરી શકે છે. અત્યાર સુધી, કરદાતાઓ GSTR-3B માં ઓટો-પોપ્યુલેટેડ ડેટામાં ફેરફાર કરી શકતા હતા, પરંતુ નવા ફેરફાર પછી, સાચી માહિતી ફક્ત GSTR-1A દ્વારા અપડેટ કરવાની રહેશે. આ ખાતરી કરશે કે રિટર્ન ફાઈલ કરતા પહેલા કર જવાબદારી યોગ્ય રીતે પ્રતિબિંબિત થાય છે.

કરદાતાઓને સલાહ આપવામાં આવી છે કે તેઓ તેમના બધા પેન્ડિંગ રિટર્નની સમયસર સમીક્ષા કરે, મેચ કરે અને ફાઈલ કરે, કારણ કે પોર્ટલ પર લાદવામાં આવેલી સમયમર્યાદા બાદ સુધારા કરી શકાશે નહીં. જો જીએસટી રિટર્ન ભરવામાં નિષ્ફળ રહ્યા તો અનેક સમસ્યાઓ અને નાણાકીય નુકસાનનો સામનો કરવો પડી શકે છે.

### ૧૩ છગ્ગા વડે ૪૯ બોલમાં ફટકારી સદી

# IPLમાં ફ્લોપ રહેલા ગ્લેન મેક્સવેલે કરી તોફાની બેટિંગ

**વોશિંગટન ફ્રિડમની તરફથી રમતાં માત્ર ૪૯ બોલમાં ૧૦૬ રનોની તોફાની ઇનિંગ રમી**

સિડની, તા.૧૮

આઈપીએલ ૨૦૨૫માં પંજાબ કિંગ્સની ફ્લોપ સિઝન પછી ગ્લેન મેક્સવેલે જોરદાર વાપસી કરી છે. મેજર લીગ ક્રિકેટ (MLC)માં તેમણે વોશિંગટન ફ્રિડમની તરફથી રમતાં માત્ર ૪૯ બોલમાં ૧૦૬ રનોની તોફાની ઈનિંગ રમી, જેમાં ૧૩ છગ્ગાનો સમાવેશ થાય છે. તેની આ શાનદાર ઈનિંગથી વોશિંગ્ટન ફ્રિડમે લોસ એન્જલસ નાઈટ રાઈડર્સને ૧૧૩ રનથી હરાવ્યું હતું. મેક્સવેલની T 20 કરિયરની આઠમી સદી હતી. આ પહેલા સૌથી વધુ સ્કોર સ્ટીવ સ્મિથ દ્વારા કરવામાં આવ્યો હતો. જેણે છેલ્લી સિઝનમાં સાન ફ્રાન્સિસ્કો યુનિકોર્ન્સ સામે ૮૮ રન કર્યા હતા. મેક્સવેલ સ્ન્ઝ(મેજર લીગ ક્રિકેટ)માં ૬ નંબર પર રમતાં તેણે સદી ફટકારનાર પહેલો ખેલાડી બન્યો છે.

આ સાથે તેણે ૨૦ ક્રિકેટ ઈતિહાસમાં એવા માત્ર પાંચમાં કેપ્ટન છે જેમણે ૬ નંબર પર બેટિંગ કરીને સદી ફટકારી હતી. મેક્સવેલ IPL 2025માં ફ્લોપ રહ્યો હતો, તેણે પંજાબ કિંગ્સ માટે ૭ મેચમાં ૮ની એવરેજથી ૪૮ રન બનાવ્યા હતા. તેમજ તેણે કુલ ૪ વિકેટ લીધી હતી.

### કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ જાહેરાત કરી

# ટોલ ટેક્સનું ટેન્શન ખતમ : હવે ૩૦૦૦માં મળશે આખા વર્ષનું Fastag રિચાર્જ

**૧૫ ઓગસ્ટ થી ૩,૦૦૦ ની કિંમતનો FASTag આધારિત વાર્ષિક પાસ રજૂ કરાશે મુસાફરી મફત થશે, પરંતુ આ એક નિશ્ચિત સમય માટે હશે**

નવી દિલ્હી, તા.૧૮

કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ બુધવારે ટૉલ ટેક્સના નિયમોમાં મોટા ફેરફારની જાહેરાત કરી. આનાથી સામાન્ય લોકોને ઘણી રાહત મળશે. નીતિન ગડકરીએ સોશિયલ મીડિયા દ્વારા માહિતી આપી હતી કે હવે ૩૦૦૦ રૂપિયામાં FASTag પાસ બનાવવામાં આવશે જેનાથી તમારી મુસાફરી મફત થશે, પરંતુ આ એક નિશ્ચિત સમય માટે હશે.
કેન્દ્રીય મંત્રી ગડકરીએ ટ્વિટર પર લખ્યું, "એક ઐતિહાસિક પહેલમાં, ૧૫ ઓગસ્ટ ૨૦૨૫ થી ૩,૦૦૦ ની કિંમતનો FASTag આધારિત વાર્ષિક પાસ રજૂ કરવામાં આવી રહ્યો છે. આ પાસ સક્રિય થયાની તારીખથી એક વર્ષ માટે અથવા ૨૦૦ મુસાફરી સુધી, જે પણ વહેલું હોય તે માટે માન્ય રહેશે. આ પાસ ખાસ કરીને બિન-વાણિજ્યિક ખાનગી વાહનો (કાર, જીપ, વાન વગેરે) માટે રચાયેલ છે અને દેશભરના રાષ્ટ્રીય ધોરીમાર્ગો પર સરળ મુસાફરીને સક્ષમ બનાવશે.

તેમણે પોસ્ટમાં લખ્યું છે કે, "વાર્ષિક પાસના સક્રિયકરણ/નવીકરણ માટે હાઈવે ટ્રાવેલ એપ અને NHAI/MoRTH વેબસાઈટ્સ પર ટૂંક સમયમાં એક અલગ લિંક ઉપલબ્ધ કરાવવામાં આવશે, જે પ્રક્રિયાને સરળ અને સરળ બનાવશે. આ નીતિ ૬૦ કિલોમીટરની ત્રિજ્યામાં સ્થિત ટોલ પ્લાઝા અંગે લાંબા સમયથી ચાલી આવતી ચિંતાઓને રેખાંકિત કરશે અને એક જ અનુકૂળ વ્યવહાર દ્વારા ટોલ ચુકવણીને સરળ બનાવશે."

ગડકરીએ પોસ્ટમાં એમ પણ લખ્યું છે કે FASTag પાસ રાહ જોવાનો સમય ઘટાડશે. તેમણે કહ્યું, "પ્રતીક્ષા સમય ઘટાડીને, ભીડ ઘટાડીને અને ટોલ પ્લાઝા પર વિવાદો દૂર કરીને, વાર્ષિક પાસ નીતિ લાખો ખાનગી વાહન ચાલકો માટે ઝડપી, સરળ અને બહેતર મુસાફરી અનુભવ માટે પ્રતિબદ્ધ છે."
આ ફાસ્ટેગ ૧૫ ઓગસ્ટ, ૨૦૨૫થી દેશભરમાં શરૂ કરવામાં આવશે. આ ફાસ્ટેગ વિશે વાત કરીએ તો તેનો સમયગાળો ૧ વર્ષ અથવા ૨૦૦ ટ્રીપ સુધીનો રહેશે. આમાંથી જે પણ પહેલા પૂર્ણ થાય છે. ચાલો તમને જણાવીએ કે તમે આ વાર્ષિક ફાસ્ટેગ કેવી રીતે મેળવી શકશો. આ માટેની પ્રક્રિયા શું હશે.

જો તમારી પાસે વાર્ષિક ફાસ્ટેગ નથી. જેથી તમે તેને સરળતાથી મેળવી શકો છો. વાર્ષિક ફાસ્ટેગ પાસ માટે માહિતી આપતા કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ કહ્યું કે સરકાર તેના સક્રિયકરણ અને નવીકરણને ખૂબ જ સરળ અને ડિજિટલ ફ્રેન્ડલી બનાવવા માટે ટૂંક સમયમાં એક સમર્પિત લિંક શરૂ કરવા જઈ રહી છે. આ લિંક હાઈવે યાત્રા મોબાઈલ એપ તેમજ NHAI અને MoRTH ની સત્તાવાર વેબસાઈટ પર ઉપલબ્ધ રહેશે. આ સાથે યુઝર્સ કોઈપણ મેન્યુઅલ મુશ્કેલી વિના થોડા ક્લિક્સમાં તેમના ફાસ્ટેગ વાર્ષિક પાસને એક્ટિવ અથવા રિન્યૂ કરી શકશે.

આ સમગ્ર પ્રક્રિયાને પેપરલેસ, ઝડપી અને પારદર્શક બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. આ કરોડો ખાનગી વાહન માલિકોને ઉત્તમ ડિજિટલ અનુભવ પ્રદાન કરશે.

### રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે

# આગામી ત્રણ દિવસ ભારે ! તૂટી પડશે ધોધમાર વરસાદ

**આ ચોમાસુ આગામી બે દિવસમાં ગુજરાત, રાજસ્થાન, પૂર્વી યુપી અને ઉત્તર અરબી સમુદ્ર સુધી વધુ વિસ્તરી શકે**

નવી દિલ્હી, તા.૧૮

દેશના ઘણા વિસ્તારોમાં કાળઝાળ ગરમી વચ્ચે રાહતનો વરસાદ શરૂ થયો છે. જેમ જેમ ચોમાસુ આગળ વધી રહ્યું છે તેમ તેમ વરસાદનો વ્યાપ પણ વિસ્તરી રહ્યો છે. દક્ષિણ ભારત અને ઉત્તરપૂર્વ રાજ્યોમાં ભારે વરસાદ પડી રહ્યો છે, ત્યારે દિલ્હી અને ઉત્તર ભારતના કેટલાક ભાગોમાં ચોમાસાના પહેલા વરસાદથી હવામાન ખુશનુમા બન્યું છે. રાજધાની દિલ્હીમાં ભારે પવન અને હળવા વરસાદને કારણે તાપમાનમાં ઘટાડો થયો છે.

દક્ષિણ પશ્ચિમ ચોમાસુ અત્યાર સુધી બિહાર, ઝારખંડ, મધ્યપ્રદેશ અને ઓડિશાના મોટાભાગના ભાગોમાં પહોંચી ગયું છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આ ચોમાસુ આગામી બે દિવસમાં ગુજરાત, રાજસ્થાન, પૂર્વી ઉત્તર પ્રદેશ અને ઉત્તર અરબી સમુદ્ર સુધી વધુ વિસ્તરી શકે છે.

રાજધાની દિલ્હીમાં ચોમાસા પહેલાના વરસાદથી કાળઝાળ ગરમીથી ઘણી રાહત મળી છે. આજે સાંજે કે રાત્રે વાવાઝોડા સાથે હળવાથી મધ્યમ વરસાદ પડી શકે છે. આગામી ત્રણ દિવસ સુધી વરસાદની આગાહી કરવામાં આવી છે, જેના કારણે તાપમાનમાં વધુ ઘટાડો થઈ શકે છે. ભારતીય હવામાન વિભાગ (IMD) અનુસાર, બાંગ્લાદેશ અને પશ્ચિમ બંગાળના ગંગાના મેદાનોમાં લો પ્રેસર સક્રિય થયું છે. આ પ્રેસરની અસરને કારણે પશ્ચિમ બંગાળ, બિહાર, ઝારખંડ અને ઓડિશામાં ભારેથી અતિ ભારે વરસાદ પડી શકે છે. આ વિસ્તારો માટે રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

ઉત્તર પ્રદેશમાં મધ્યમથી ભારે વરસાદની શક્યતા વ્યકત કરવામાં આવી છે, તો કેટલાક સ્થળોએ ગાજવીજ સાથે વરસાદની આગાહી કરવામાં આવી છે. આ ઉપરાંત પશ્ચિમ હિમાલય પ્રદેશ, હરિયાણા, રાજસ્થાન, વિદર્ભ, મરાઠવાડા, તેલંગાણા, આંધ્ર પ્રદેશ, રાયલસીમા, કર્ણાટકમાં પણ ગાજવીજ સાથે વરસાદ પડી શકે છે. ગુજરાતની વાત કરીએ તો દક્ષિણ ગુજરાતમાં આગામી ૨૪ કલાકમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. તો કોંકણ, ગોવા, કેરળ, આંદામાન-નિકોબાર અને લક્ષદ્વીપમાં પણ સતત વરસાદની સ્થિતિ છે.

### ઓપરેશન સિંદૂર અંગે પીએમ મોદીએ ટ્રમ્પને સંભળાવી દીધું

# મધ્યસ્થતા સ્વીકારી ન હતી, સ્વીકારીશું પણ નહીં : મોદી

**S7 શિખર સંમેલન બાદ પીએમ મોદીએ અમેરિકાના રાષ્ટ્રપતિ ટ્રમ્પ સાથે ફોન પર ૩૫ મિનિટ સુધી વાતચીત કરી**

નવી દિલ્હી, તા.૧૮

કેનેડામાં જી૭ શિખર સંમેલન બાદ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે ફોન પર ૩૫ મિનિટ સુધી વાત કરી. મળતી માહિતી મુજબ આ ફોનનો આગ્રહ ટ્રમ્પ તરફથી કરાયો હતો. આ દરમિયાન બંને વચ્ચે ઓપરેશન સિંદૂર અંગે વિસ્તૃતથી વાતચીત થઈ. ઓપરેશન સિંદૂર બાદ સીઝફાયરને લઈને ચાલી રહેલી મથામણ વચ્ચે બંને નેતાઓની આ પહેલી પ્રત્યક્ષ વાતચીત હતી.

વિદેશ સચિવ વિક્રમ મિસરીએ જણાવ્યું કે પીએમ મોદીએ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે વાતચીતમાં સ્પષ્ટ કર્યું કે આ દરમિયાન ક્યારેય, કોઈ પણ સ્તરે, ન તો ભારત અમેરિકા વેપાર સમજૂતિ પર ચર્ચા થઈ કે ન તો ભારત અને પાકિસ્તાન વચ્ચે કોઈ પણ પ્રકારની મધ્યસ્થતાનો મુદ્દો ઉઠ્યો. મળતી માહિતી મુજબ ટ્રમ્પે પીએમ મોદીને આગ્રહ કર્યો કે તેઓ કેનેડાથી પાછા ફરતી વખતે જો અમેરિકા થઈને જાય તો તેમની સાથે મુલાકાત થઈ શકે. પરંતુ પૂર્વ નિર્ધારિત કાર્યક્રમોના પગલે પીએમ મોદીએ તેમાં અસમર્થતા જતાવી. પીએમ મોદી અને રાષ્ટ્રપતિ ટ્રમ્પની મુલાકાત જી૭ સમિટ દરમિયાન થવાની હતી પરંતુ ટ્રમ્પે જલદી અમેરિકા પાછા ફરવું પડ્યું. જેના કારણે આ મુલાકાત થઈ શકી નહી. ત્યારબાદ ટ્રમ્પના આગ્રહ પર આજે બંને નેતાઓ વચ્ચે ફોન પર વાતચીત થઈ. આ વાતચીત લગભગ ૩૫ મિનિટ ચાલી. ૨૨ એપ્રિલના રોજ પહેલગામ આતંકી હુમલા બાદ રાષ્ટ્રપતિ ટ્રમ્પે ફોન પર પ્રધાનમંત્રી મોદીને શોક સંવેદના વ્યક્ત કર્યો હતો અને આતંક વિરુદ્ધ સમર્થન પણ જતાવ્યું હતું. ત્યારબાદથી બંને નેતાઓ વચ્ચે આ પહેલી વાતચીત હતી.

પીએમ મોદીએ રાષ્ટ્રપતિ ટ્રમ્પ જોડે ઓપરેશન સિંદૂર પર વિસ્તૃત વાત કરી. પીએમ મોદીએ સ્પષ્ટપણે કહ્યું કે ૨૨ એપ્રિલ બાદ ભારતે આતંકવાદ વિરુદ્ધ કાર્યવાહી કરવાનો પોતાનો દ્રઢ સંકલ્પ સમગ્ર દુનિયાને દેખાડી દીધો હતો. પીએમ મોદીએ કહ્યું કે ૬-૭ મેની રાતે ભારતે પાકિસ્તાન ને પાકિસ્તાન અધિકૃત કાશ્મીરમાં ફક્ત આતંકી ઠેકાણાઓને નિશાન બનાવ્યા હતા.

વિક્રમ મિસરીએ જણાવ્યું કે ભારતે એ પણ સ્પષ્ટ કરી દીધુ હતું કે પાકિસ્તાનની ગોળીનો જવાબ ભારત ગોળાથી આપશે. ૯ મેની રાતના રોજ ઉપરાષ્ટ્રપતિ જેડી વેન્સે પીએમ મોદીને ફોન કર્યો હતો. ઉપરાષ્ટ્રપતિ વેન્સે કહ્યું હતું કે પાકિસ્તાન ભારત પર મોટો હુમલો કરી શકે છે. પીએમ મોદીએ તેમને સ્પષ્ટ શબ્દોમાં કહ્યું હતું કે જો આમ થશે તો ભારત પાકિસ્તાનને તેના કરતા પણ મોટો જવાબ આપશે. ૯-૧૦ની રાતે પાકિસ્તાનના હુમલાનો ભારે ખુબ જ સશક્ત જવાબ આપ્યો અને પાકિસ્તાનની સેનાને ભારે નુકસાન પહોંચાડ્યું. તેમણે જણાવ્યું કે ભારતે પાકિસ્તાનના મિલેટ્રી એરબેસને નિષ્ક્રિય કર્યા હતા. ભારતના જડબાતોડ જવાબના કારણે પાકિસ્તાને ભારતને સૈન્ય કાર્યવાહી રોકવાનો આગ્રહ કરવો પડ્યો. પીએમ મોદીએ રાષ્ટ્રપતિ ટ્રમ્પને સ્પષ્ટ રીતે કહ્યું કે આ સમગ્ર ઘટનાક્રમ દરમિયાન ક્યારેય, કોઈ પણ સ્તરે, ભારત અમેરિકા ટ્રેડ ડીલ કે અમેરિકા તરફથી ભારત અને પાકિસ્તાન વચ્ચે મધ્યસ્થતા જેવા વિષયો પર વાત થઈ નથી. સૈન્ય કાર્યવાહી રોકવાની સીધી વાત ભારત અને પાકિસ્તાન વચ્ચે, બંને સેનાઓના વર્તમાન ચેનલોના માધ્યમથી થઈ હતી અને પાકિસ્તાનના જ આગ્રહ પર થઈ હતી.
પીએમ મોદીએ ભારપૂર્વક કહ્યું કે ભારતે ક્યારેય કોઈ મધ્યસ્થતા પહેલા સ્વીકારી નથી, નથી સ્વીકારતું કે ભવિષ્યમાં પણ સ્વીકારશે. આ વિષય પર ભારતમાં પૂર્ણ રીતે રાજકીય એકમત છે. રાષ્ટ્રપતિ ટ્રમ્પે પીએમ મોદી તરફથી વિસ્તૃતમાં જણાવેલી વાતોને સમજીઅને આતંકવાદી વિરુદ્ધ ભારતની લડાઈ પ્રત્યે સમર્થન વ્યક્ત કર્યું. પીએમ મોદીએ એમ પણ કહ્યું કે ભારત હવે આતંકવાદને પ્રોક્સી વોર નહીં પરંતુ યુદ્ધનું સ્વરૂપ જ સમજે છે અને ભારતનું ઓપેરશન સિંદૂર હજુ પણ ચાલુ છે. રાષ્ટ્રપતિ ટ્રમ્પે પીએમ મોદીને પૂછ્યું કે શું તેઓ કેનેડાથી પાછા ફરતી વખતે અમેરિકા રોકાઈ શકે. પૂર્વ નિર્ધારિત કાર્યક્રમોના કારણે પીએમ મોદીએ પોતાની અસમર્થતા જતાવી. બંને નેતાઓએ નક્કી કર્યું કે તેઓ ભવિષ્યમાં મળવાનો પ્રયાસ કરશે. ઈન્ડો પેસેફિક ક્ષેત્ર સંબંધિત બંને નેતાઓએ પોતાના પરિપેક્ષ રજૂ શેર કર્યા. આ ક્ષેત્રમાં ક્વાડની મહત્વની ભૂમિકા પ્રત્યે સમર્થન જતાવ્યું. ક્વાડની આગામી બેઠક માટે પીએમ મોદીએ રાષ્ટ્રપતિ ટ્રમ્પને ભારત પ્રવાસ માટે આમંત્રણ આપ્યું. જે ટ્રમ્પે સ્વીકારતા કહ્યું કે તેઓ ભારત આવવા માટે ઉત્સુક છે.

## ''સ્વચ્છતા અભિયાન''નું કોઈ પરિણામ જોવા મળતું નથી

# બગસરાનાં એસ.ટી. ડેપોનાં શૌચાલયમાં ભયાનક ગંદકી

**મુસાફરો માટેનાં શૌચાલયમાં છેલ્લા પાંચ દિવસથી પાણી ગાયબ થઈ ગયું છે**

**એસ.ટી. ડેપોનાં સ્ટાફ રૂમમાં પણ પાણીનાં અભાવે ગંદકીનો માહોલ**

**જાગૃત નાગરિકે અનેક વખત રજૂઆત કરી છતાં સ્વચ્છતા કરાતી નથી**

**સ્થાનિક ડેપો અંગે સેંકડો ફરિયાદ છતાં પણ વિભાગીય નિયામક કોઈ કાર્યવાહી કરતા નથી**






તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૧૮

બગસરા એસટી ડેપોમાં છેલ્લા ઘણા દિવસોથી મુતરડીમાં પાણી ન આવવાને લીધે ગંદકીથી ત્રાહિમામ પોકારી ઊઠેલા મુસાફરો દ્વારા અનેક વખત ડેપો મેનેજરને રજૂઆત કરવામાં આવી છતાં કાર્યવાહી ના નામે મીંડું. એસટી ડેપોમાં સ્ટાફ રૂમમાં ઉપર પાણીના હોવાથી ભયંકર તકલીફનો સામનો કરવો પડે છે.

હાલમાં બગસરામાં એસટી ડેપોનું કથળતો વહીવટ સામે આવી રહ્યો છે ત્યારે ઠેર ઠેર ગંદકીના ગંજ તેમજ સંડાશ બાથરૂમની સફાઈ થતી ન હોવાથી તેમજ હાલમાં પાણી પણ ન આવતું હોવાથી ફરિયાદ સામે આવી છે. ત્યારે છેલ્લા પાંચ દિવસથી ગંદકીથી ખદબદતું યુરીનલથી લોકો ત્રાહિમામ પોકારી ગયા છે. જયારે અહીંયા આવતા મુસાફરોને આ યુરીનલની સફાઈ ન થતા ભયંકર દુર્ગંધનો સામનો કરીને પણ ડેપોની અંદર બેસવું પડે છે. જયારે આ યુરિનલમાં એટલી હદે દુર્ગંધ પ્રસરી રહી છે કે મુસાફરોને માથું ફાડી નાખે તેવી દુર્ગંધનો સામનો કરીને પણ બસ સ્ટેન્ડ આવું પડે અને ત્યાં બેસવું પડે છે. પરંતુ તંત્ર દ્વારા આ ડેપો ઉપર જાણે મીઠી નજર રાખીને બેઠા હોય તેમ કોઈ પણ પ્રકારની કાર્યવાહી કરવામાં આવતી નથી જયારે અહીંના ડેપો મેનેજરને પણ પેસેન્જર દ્વારા તેમજ જાગૃત નાગરિક દ્વારા અનેક વખત રજૂઆત કરવામાં આવી છતાં સફાઈના નામે ફકત કાગળ ઉપર રૂપિયા ઉતારી સફાઈ કરવામાં આવે છે. પરંતુ વાસ્તવમાં આ યુરીનલમાં સફાઈના નામે મીંડું વાળી રહ્યા હોય તેવું લાગી રહ્યું છે. જયારે આ જાગૃત નાગરિક દ્વારા છેવટે હાઉસકીપિંગ સફાઈ કામગીરી બાબતે વિભાગીય કચેરી અમરેલીને લેખિતમાં ફરિયાદ કરવામાં આવી છે. ત્યારે તેમના દ્વારા સફાઈના નિયમો અને સફાઈના એગ્રીમેન્ટની કરાર કોપી આ નાગરિકને પાઠવવામાં પણ આવી છે. ટોયલેટમાં લાઈટ પણ બંધ છે પરંતુ હાઉસકીપિંગ તેમજ સફાઈની કામગીરીના માસિક બિલો તો ઉધારવામાં આવી રહ્યા છે પરંતુ સફાઈના નામે મીંડુ વાળી રહ્યા છે. એટલું જ નહી પણ વિભાગીય કચેરી અમરેલી દ્વારા આ લેટર માં લખવામાં આવ્યું છે કે જો સફાઈ સરખી રીતે કરવામાં નહી આવે તો કાયદેસર દંડની રકમ ભરવાની જોગવાઈઓ કરવામાં આવી છે.પરંતુ મુસાફરો આટલી હદે હેરાન પરેશાન થઈ રહેલા છે છતાં અહીંના ડેપો મેનેજરનું પેટનું પાણી પણ હલતું નથી. તો લોકો દ્વારા માંગ કરવામાં આવી છે કે અહીંના ડેપોના અધિકારીઓ ઉપર કાર્યવાહી કરવામાં આવે અને વહેલામાં વહેલી તકે યુરીનલમાં પાણી ચાલુ કરવામાં આવે અને સફાઈ કરવામાં આવે તેવી માંગ ઉઠી છે.

## મતિરાળાનાં યુવકે ૩૮ વર્ષે જુનુ તમાકુનુ વ્યસન છોડી દીધુ



અમરેલી, તા. ૧૮

છેલ્લા ૩૮ વરસથી માવાનું વ્યસન એક જાટકે છોડી દેનાર જગદિશ ભિખાભાઈ વિરમગામ ખેડૂત યુવક છે. (ઉ.વ. ૪૮) જણાવે છે કે, મારા પિતાજીની સેવામાં આજે અમને અગવડતા પડે છે તો આ નવી પેઢી મને એટલી કાળજી નહીં રાખે મારૂ આરોગ્ય સારૂ રહે તે માટે મારે કાળજી રાખવી જોઈએ હું રોજ ૨૦ માવા ખાતો હતો. આજના ભાવ પ્રમાણે ૩૦૦ રૂપિયા થાય મારી દિકરી ડોકટરનો અભ્યાસ કરે છે જો આ વ્યસન ન કર્યુ હોત તો આ પૈસા તેના અભ્યાસમાં ઉપયોગી થયા હોત હું બીજા યુવકોને કહુ છું. વ્યસન ન કરવું જોઈએ.

મારા પોતાના 'આત્મા'માં થયું હું ખોટા

રસ્તે છું. એટલે મેં વ્યસનનો ત્યાગ કર્યો.

પાના ૧ ઉપરનું ચાલું **બાબરા નજીક ડમ્પરે હડફેટે**

કિશનભાઈનું ઘટના સ્થળે કમકમાટીભર્યું મોત નિપજયું હતું. જયારે ભાવેશભાઈને ૧૦૮ મારફતે પ્રથમ બાબરા સિવિલ હોસ્પિટલમાં તેમજ વધુ સારવાર અર્થે રાજકોટ રીફર કરવામાં આવ્યા હતા પણ પગ અને માથાના ભાગે ગંભીર ઈજાઓ થતાં સારવાર મળે તે પહેલા ભાવેશભાઈનું પણ મૃત્યુ નિપજયું હતું. ઘટનાની જાણ થતાં બાબરા પોલીસ સ્થળ પર દોડી આવી હતી અને અકસ્માતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

અકસ્માત સર્જી ડમ્પર ચાલક ફરાર થયો હતો પોલીસ દ્વારા ડમ્પર ચાલકને શોધવા આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## અવસાન નોંધ

**રાજુલા :** પ્રાણશંકર કેશવલાલ રાજયગુરૂ (ઉ.વ. ૭૨) તે જયશ્રીબેનનાં પતિ અને પાયલબેન, જલ્પાબેન અને હીનાબેનનાં પિતાનું ૧૫ જૂનનાં રોજ અવસાન થયેલ છે.

**ચલાલા :** સુરેશચંદ્ર નાનાલાલ સચદેવ તે સચદેવ એન્ટરપ્રાઈઝ અમરેલી વાળા અને ધર્મેશભાઈ સચદેવ તથા મનીષભાઈ તથા રૂપલબેનના પિતાશ્રી અને જય અને ઓમના દાદા તથા ગોંડલ ચેતનકુમાર મનસુખલાલ રૂપારેલીયાના સસરા, ચલાલા વિઠ્ઠલદાસ ચકુભાઈ સેજપાલના જમાઈનું અવસાન તારીખ ૧૭/૬/૨૦૨૫ ના રોજ થયેલ છે. તેમની પ્રાર્થનાસભા શુક્રવાર તારીખ ૨૦/૬/૨૦૨૫ ના રોજ અમરેલી સંઘવી ધર્મશાળામાં બપોરે ૪:૩૦થી ૬ સુધી રાખેલ છે.

## સાવરકુંડલા ખાતે વિમાન દુર્ઘટનાના મૃતકોને શ્રધ્ધાજંલિ અર્પણ કરાઈ



સાવરકુંડલા, તા. ૧૮

સાવરકુંડલામાં સમસ્ત વાટલીયા પ્રજાપતિ જ્ઞાતી સંચાલિત વિદ્યાર્થી ગૃહ ખાતે પ્લેન ક્રેશની ઘટનામાં ૨૯૦ લોકોનાં નિધન થતા તમામ ટ્રસ્ટીગણ તેમજ આગેવાનોની ઉપસ્થિતિમાં પ્રાર્થના સભા યોજી શ્રધ્ધાંજલી પાઠવી હતી. વિદ્યાર્થીઓએ શ્રધ્ધાસુમન અર્પણ કર્યા હતાં.

પાના ૮ ઉપરનું ચાલું **અમરેલી પાલિકા દ્વારા**

માં કોઈ યોગ્ય પગલાં લેવામાં નહિ આવે તો કોંગ્રેસનાં તમામ નગરસેવકો, શહેર કોંગ્રેસ તથા જિલ્લા પ્રમુખ ગાંધીચિંધ્યા માર્ગે આંદોલન કરીશું ઉપરાંત આ ભ્રષ્ટાચાર થયેલ છે તેમ માની કાયદાનુસાર સલાહ મળ્યા મુજબ કાનૂની કાર્યવાહી કરવાની ફરજ પડશે તેમ અંતમાં જણાવેલ છે.

પાના ૮ ઉપરનું ચાલું **સાવરકુંડલાનાં રત્ન કલાકાર પાસેથી**

લાખ જમા કરાવવા છે અને તેમાં રૂપિયા ૪ હજાર કમિશન મળશે તેમ વાત કરી અને આ યુવકના ખાતામાં સાયબર ફ્રોડના ગેર કાયદેસરના નાણા રૂપિયા ૪,૯૪,૨૫૮ જમા કરાવી અને યુવકના બેંક ખાતાના ડોકયુમેન્ટ અને મોબાઈલ ફોન આરોપીઓએ પોતાની પાસે રાખી જમા કરાવેલ નાણાં અલગ અલગ રીતે યુવકના બેંક ખાતામાંથી ઉપાડી લઈ અને યુવક સાથે વિશ્વાઘાત અને છેતરપીંડી કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

પાના ૮ ઉપરનું ચાલું **રાજુલાનાં ઝીંઝકા ગામે**

વનરાજભાઈ વાળાએ આવી કહેવા લાગેલ કે આ પ્લોટ ખાલી કરી નાખજો. જેથી વૃધ્ધ ખેડૂતે કહેલ કે તમને પ્લોટમાંથી હલાણ કાઢી આપેલ છે અને હું પ્લોટ ખાલી નહી કરૂ. તેમ કહેતા આરોપીઓએ વૃધ્ધ ખેડૂતને ગાળો આપી લાકડી વડે મુંઢ માર મારી તથા લોખંડની પાઈપનો એક ઘા ડાબા હાથના કાંડા ઉપર મારી ફ્રેકચર કરી તથા ધક્કો મારી પછાડી દઈ જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.


### જાહેર નોટિસ

**// મામલતદાર અને એકિઝકયુટિવ મેજીસ્ટ્રેટ વડીયાની કોર્ટમાં //**

**અરજદારશ્રી :** શ્રી મનસુખભાઈ પોપટભાઈ કથીરીયા, રે.મોટી કુંકાવાવ, તા.વડીયા, જિ. અમરેલી — નં.જન્મ/મરણ નોંધણી/અરજી નં.૨૯/૨૦૨૫

**એડવોકેટશ્રી યોગેશ ડી. દવે, મો.૯૪૨૬૩ ૯૮૯૬૦**

**// વિરૂધ્ધ //**

**સામાવાળા :** ૧. તલાટી કમ મંત્રીશ્રી, મોટી કુંકાવાવ, તા.વડીયા

**જન્મ–મરણ નોંધણી અધિનિયમ–૧૯૬૯ની કલમ–૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા જાહેર નોટિસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, **અરજદારશ્રી મનસુખભાઈ પોપટભાઈ કથીરીયાના પુત્ર પુનીતભાઈનો જન્મ તા.૨૦/૦૬/૧૯૮૬ ના રોજ મુ. મોટી કુંકાવાવ, તા. વડીયા, જી. અમરેલી** મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. તો સદર અરજીના અનુસંધાને જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોઈ તો અત્રેની કોર્ટમાં નોટિસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન–૩૦ માં પોતે અથવા વકીલ મારફતે **મામલતદાર અને એકિઝકયુટિવ મેજીસ્ટ્રેટની કચેરી વડીયા** ખાતે જરૂરી આધારા – પુરાવા સાથે વાંધો રજુ કરવો. જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહી આવે તો આગળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.

આજ તા. ૧૧/૦૬/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

સિક્કો

**મામલતદાર અને એકિઝકયુટીવ મેજિસ્ટ્રેટ વડીયા**



### જાહેર નોટિસ

**// મામલતદાર અને એકિઝકયુટિવ મેજીસ્ટ્રેટ વડીયાની કોર્ટમાં //**

**અરજદારશ્રી :** શ્રી કમુબેન મનુભાઈ ગજેરા, રે.ઈશ્વરીયા, તા.વડીયા, જિ. અમરેલી — નં.જન્મ/મરણ નોંધણી/અરજી નં.૩૦/૨૦૨૫

**એડવોકેટશ્રી યોગેશ ડી. દવે, મો.૯૪૨૬૩ ૯૮૯૬૦**

**// વિરૂધ્ધ //**

**સામાવાળા :** ૧. તલાટી કમ મંત્રીશ્રી, ઈશ્વરીયા, તા.વડીયા

**જન્મ–મરણ નોંધણી અધિનિયમ–૧૯૬૯ની કલમ–૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા જાહેર નોટિસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, **અરજદારશ્રી કમુબેન મનુભાઈ ગજેરા ના પુત્રી ભારતીબેન નો જન્મ તા.૦૧/૧૧/૧૯૭૭ ના રોજ મુ. ઈશ્વરીયા, તા. વડીયા, જી. અમરેલી** મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. તો સદર અરજીના અનુસંધાને જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોઈ તો અત્રેની કોર્ટમાં નોટિસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન–૩૦ માં પોતે અથવા વકીલ મારફતે **મામલતદાર અને એકિઝકયુટિવ મેજીસ્ટ્રેટની કચેરી વડીયા** ખાતે જરૂરી આધારા – પુરાવા સાથે વાંધો રજુ કરવો. જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહી આવે તો આગળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.

આજ તા. ૧૧/૦૬/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

સિક્કો

**મામલતદાર અને એકિઝકયુટીવ મેજિસ્ટ્રેટ વડીયા**


## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૫૫૫ | ૧૬૨૫ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૪૦૦ | ૧૫૫૦ |
| ૩ | મગફળી | ૯૮૦ | ૧૦૫૦ |
| ૪ | ઘઉં | ૪૬૫ | ૫૨૫ |
| ૫ | તલ સફેદ | ૧૫૯૦ | ૧૮૫૦ |
| ૬ | તલ કાળા | ૨૬૩૦ | ૨૯૦૦ |
| ૭ | ચણા | ૧૦૫૬ | ૧૦૭૪ |
| ૮ | મગ | ૧૨૭૦ | ૧૩૫૦ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૭૬૨ | ૧૦૭૨ |
| ૨ | શિંગ મોટી | ૮૦૦ | ૧૧૧૭ |
| ૩ | શિંગદાણા | ૧૦૬૦ | ૧૫૧૦ |
| ૪ | શિંગાદાણા ફાડા | ૧૦૦૦ | ૧૪૭૮ |
| ૫ | તલ સફેદ | ૧૦૮૦ | ૨૧૯૦ |
| ૬ | તલ કાળા | ૨૧૦૦ | ૩૨૮૦ |
| ૭ | તલ કાશ્મીરી | ૧૬૪૫ | ૨૨૦૦ |
| ૮ | બાજરો | ૩૨૨ | ૫૨૫ |
| ૯ | જુવાર | ૩૧૨ | ૫૮૦ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૪૧૪ | ૫૫૫ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૫૦ | ૫૩૯ |
| ૧૨ | મગ | ૧૦૯૦ | ૧૩૮૮ |
| ૧૩ | અડદ | ૧૨૬૫ | ૧૩૫૦ |
| ૧૪ | ચણા | ૧૦૦૦ | ૧૦૮૪ |
| ૧૫ | ચણા સફેદ | ૧૦૦૫ | ૧૧૦૨ |
| ૧૬ | ચોળી | ૯૯૦ | ૯૯૦ |
| ૧૭ | તુવેર | ૧૦૫૦ | ૧૨૩૮ |
| ૧૮ | કપાસ | ૭૫૦ | ૧૬૩૫ |
| ૧૯ | એરંડા | ૧૦૫૦ | ૧૨૭૩ |
| ૨૦ | જીરૂ | ૨૨૦૦ | ૩૫૯૦ |
| ૨૧ | ધાણી | ૧૦૦૦ | ૧૩૦૦ |
| ૨૨ | મેથી | ૭૦૦ | ૮૦૦ |
| ૨૩ | સોયાબીન | ૬૦૦ | ૮૧૨ |
| ૨૪ | કાંગ | ૪૭૦ | ૫૬૪ |
| ૨૫ | સુવાદાણા | ૧૨૫૦ | ૧૨૫૦ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | મગફળી | ૮૬૦ | ૧૦૧૫ |
| ૨ | ઘઉં લોકવન | ૩૦૦ | ૪૭૯ |
| ૩ | ચણા | ૧૦૦૬ | ૧૦૨૫ |
| ૪ | તલ કાળા | ૨૨૦૦ | ૨૨૦૦ |
| ૫ | તલ સફેદ | ૧૨૦૫ | ૧૭૫૧ |
| ૬ | મગ | ૧૦૦૦ | ૧૩૭૦ |
| ૭ | શીંગ દાણા | ૧૧૦૦ | ૧૪૫૧ |
| ૮ | શીંગ ફાડા | ૧૦૪૦ | ૧૨૩૦ |
| ૯ | કલોંજી | ૨૫૭૦ | ૨૫૭૦ |
| ૧૦ | બાજરો | ૩૫૦ | ૩૫૦ |
| ૧૧ | સોયાબીન | ૬૪૫ | ૮૧૫ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જિણી | ૧૦૫૦ | ૧૨૪૦ |
| ૨ | શીંગ મોટી | ૧૦૨૦ | ૧૧૦૦ |
| ૩ | શીંગ ઉનાળુ | ૧૦૦૦ | ૧૧૪૦ |
| ૪ | શીંગ દાણા | ૧૨૦૦ | ૧૪૩૦ |
| ૫ | તલ સફેદ | ૧૫૮૦ | ૨૦૬૦ |
| ૬ | તલ કાળા | ૨૨૫૦ | ૩૧૩૧ |
| ૭ | જીરૂ | ૩૨૦૦ | ૩૮૦૦ |
| ૮ | કપાસ | ૧૩૮૦ | ૧૫૯૦ |
| ૯ | ઘઉં લોકવન | ૪૮૦ | ૫૨૦ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૫૦ |
| ૧૧ | બાજરો | ૩૬૦ | ૪૫૦ |
| ૧૨ | જુવાર | ૪૦૦ | ૮૦૦ |
| ૧૩ | મગ | ૧૧૦૦ | ૧૩૮૦ |
| ૧૪ | અડદ | ૧૦૦૦ | ૧૩૯૫ |
| ૧૫ | ચણા | ૧૦૦૦ | ૧૧૨૫ |
| ૧૬ | તુવેર | ૮૦૦ | ૧૦૫૦ |
| ૧૭ | એરંડી | ૧૧૦૦ | ૧૩૦૫ |
| ૧૮ | મેથી | ૬૦૦ | ૭૮૦ |
| ૧૯ | ધાણા | – | ૧૧૮૦ |
| ૨૦ | સોયાબીન | – | ૭૨૨ |

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૫૧ | ૧૪૨૨ |
| ૨ | મગફળી | ૮૬૫ | ૯૬૧ |
| ૩ | ચણા | ૧૦૫૦ | ૧૦૬૯ |
| ૪ | જુવાર સફેદ | ૭૪૧ | ૭૪૧ |
| ૫ | તલ સફેદ | ૧૫૩૧ | ૧૬૨૬ |
| ૬ | બાજરો | ૫૧૧ | ૫૧૧ |
| ૭ | જીરૂ | ૩૯૦૦ | ૩૯૫૨ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૦૦ | ૧૪૪૫ |
| ૨ | ઘઉં લોકવન | ૪૧૦ | ૫૧૭ |
| ૩ | ઘઉં ટુકડા | ૪૬૦ | ૪૯૫ |
| ૪ | ચોળી | ૧૫૦૦ | ૧૫૦૦ |
| ૫ | ચણા | ૯૭૫ | ૧૦૬૫ |
| ૬ | ધાણા | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ૭ | શીંગફાડા | ૧૦૪૦ | ૧૩૫૫ |
| ૮ | મગફળી | ૫૦૦ | ૯૭૦ |
| ૯ | તલ સફેદ | ૧૨૧૦ | ૧૭૩૫ |
| ૧૦ | સોયાબીન | ૬૨૦ | ૮૦૬ |
| ૧૧ | બાજરો | ૩૦૦ | ૪૦૧ |
| ૧૨ | મગ | ૧૦૦૦ | ૧૩૩૦ |
| ૧૩ | અડદ | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ૧૪ | જુવાર | ૬૯૦ | ૭૦૦ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૯૬૯ | ૧૦૪૦ |
| ૨ | તલ સફેદ | ૧૧૫૦ | ૧૮૨૫ |
| ૩ | તલ કાળા | ૧૫૦૦ | ૨૫૦૦ |
| ૪ | તલ પીળા | ૧૮૦૦ | ૧૮૭૬ |
| ૫ | કપાસ | ૧૦૦૦ | ૧૫૭૧ |
| ૬ | બાજરો | ૩૭૮ | ૫૦૮ |
| ૭ | ઘઉં ટુકડા | ૪૮૦ | ૫૫૧ |
| ૮ | જુવાર | ૩૩૦ | ૮૩૫ |
| ૯ | મકાઈ | ૪૩૧ | ૪૮૬ |
| ૧૦ | મગ | ૧૧૦૦ | ૧૪૧૪ |
| ૧૧ | અડદ | ૧૩૦૧ | ૧૩૫૯ |
| ૧૨ | તુવેર | ૧૦૩૧ | ૧૧૨૧ |
| ૧૩ | ચણા | ૮૦૦ | ૧૦૬૫ |
| ૧૪ | અજમા | ૧૩૭૬ | ૧૩૭૬ |
| ૧૫ | મેથી | ૭૫૧ | ૭૫૧ |
| ૧૬ | સોયાબીન | ૮૦૦ | ૮૦૦ |
| ૧૭ | રાય | ૧૧૫૧ | ૧૧૫૧ |
| ૧૮ | શીંગદાણા | ૧૩૦૦ | ૧૫૦૦ |

### ચૂંટણીને કારણે ભરતી પ્રક્રિયા અટકી, શિક્ષકોને માથે ભારણ

# પેટા ચૂંટણીની અસર સુરત શિક્ષણ સમિતિના શિક્ષણ પર પડી

**ચૂંટણીની આચારસંહિતાને કારણે સાથી શિક્ષકોની ભરતી અટકી ગઈ છે જેના કારણે શિક્ષકો ઉપર કાર્યભારણ વધી ગયું છે**

સુરત,તા.૧૮

ગુજરાતમાં પેટા ચૂંટણી અને ગ્રામ પંચાયતની ચૂંટણીની સીધી અસર સુરત મહાનગરપાલિકા સંચાલિત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ પર પડી છે.

ચૂંટણીની આચારસંહિતાને કારણે સાથી શિક્ષકોની ભરતી અટકી ગઈ છે જેના કારણે શિક્ષકો ઉપર કાર્યભારણ વધી ગયું છે. હાલ શિક્ષકોની ઘટના કારણે એક શિક્ષકે એક કરતાં વધુ વર્ગખંડ સંભાળવાની ફરજ પડી રહી છે અને તેના કારણે શિક્ષણ પર અસર પડી રહી છે.

સુરત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિનું નવું સત્ર શરૂ થઈ ગયું છે. પાલિકાની શાળામાં પ્રવેશ માટે વાલીઓનો ધસારો રહ્યો છે. આ વર્ષે શિક્ષણ સમિતિએ શરૂઆતના દિવસોમાં જ વિદ્યાર્થીઓને બુટમોજા અને યુનિફોર્મ આપી દીધા હતા. જોકે હાલમાં સેન્ટ્રલ ઝોન સહિત કેટલાક વિસ્તારમાં શિક્ષકોની ઘટની ફરિયાદ ઉઠી રહી છે. કેટલીક સ્કૂલોમાં તો એવી હાલત છે કે એક શિક્ષક ત્રણ-ત્રણ વર્ગ સંભાળી રહ્યા છે.

જેના કારણે અડધો સમય તો ત્રણ વર્ગની ઓફલાઈન અને ઓનલાઈન હાજરી પુરવામાં જ પૂરો થઈ જાય છે. શિક્ષકો એક કરતાં વધુ વર્ગ સંભાળતા હોવાથી બાળકોને શિક્ષણ પર પૂરતું ધ્યાન આપી શકતા નથી. શિક્ષણ સમિતિને પણ આ સમસ્યાનો ખ્યાલ છે. સમિતિ કહે છે કે સાથી શિક્ષકો માટેની પ્રક્રિયા ચાલુ હતી દરમિયાન ચૂંટણીની જાહેરાત થઈ ગઈ હતી.

આ ચૂંટણી જાહેર થતાં જ આચાર સહિતા લાગુ પડી ગઈ છે અને તેના કારણે ભરતીની પ્રક્રિયા પર બ્રેક લાગી ગઈ છે. હવે ૨૬ જૂન પછી ભરતી પ્રક્રિયા શરૂ કરવામાં આવશે. ત્યારબાદ સાથે શિક્ષકો જ્યાં ગત છે ત્યાં મૂકવામાં આવશે. જોકે આ પ્રક્રિયા દરમિયાન જૂન મહિનો પૂરો થઈ જાય તેવી શક્યતા છે. જેના કારણે જે શાળામાં શિક્ષકોની ઘટ છે તે શાળામાં શિક્ષકો પર ભારણ સતત વધી રહ્યું છે.

### ભાજપનાં મહત્વનાં નેતાના કાર્યોને યાદ કરાયા

# અમરેલીમાં અમર ડેરી ખાતે પૂર્વ મુખ્યમંત્રી સ્વ. રૂપાણીને શ્રધ્ધાજંલિ પાઠવાઈ

**ડેરીના ચેરમેન અશ્વિન સાવલીયા પણ ઉપસ્થિત રહ્યા**



અમરેલી, તા.૧૮

અમર ડેરી દ્વારા ગુજરાત રાજયના પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીને શ્રદધાજંલિ આપી મૌન પાળવામાં આવેલ. આ તકે અમર ડેરીના ચેરમેન અશ્વિનભાઈ સાવલિયા, એમ.ડી.ડો.આર.એસ. પટેલ, જનરલ મેનેજર ડી.આર. રામાણી તથા દૂધ મંડળીના પ્રમુખ/મંત્રી અને દૂધ સંઘના કર્મચારીઓ હાજર રહેલ તેમ અમર ડેરીની અખબાર યાદીમાં જણાવેલ છે.

### 'વિશ્વ રક્તદાન દિવસ' અન્વયે

# અમરેલી આઈ.ટી.આઈ. ખાતે બ્લડ ગ્રુપિંગ કેમ્પ યોજાયો

**રક્તદાન કરવાનો સંકલ્પ લેતા તાલીમાર્થીઓ**

અમરેલી તા. ૧૮

૧૪ જૂનના રોજ 'વિશ્વ રક્તદાનદિવસ'નીઉજવણીનાભાગરૂપે રક્તદાન કરવાના સંકલ્પ સાથે અમરેલી આઈ.ટી.આઈ. ખાતે તાલીમાર્થીઓ માટે બ્લડ ગ્રુપીંગ કેમ્પ યોજાયો હતો. બહોળી સંખ્યામાંવિદ્યાર્થીઓએઆકેમ્પમાંજોડાઇ પોતાના બ્લડ ગૃપની જાણકારી મેળવી, જરૂરિયાતના સમયે રક્તદાન કરવાનો સંકલ્પ લીધો હતો.

તાલીમાર્થીઓનાબ્લડગૃપની ચકાસણી માટે અર્બન હેલ્થ સેન્ટરની ટીમના ડો. રાજુભાઈ કથીરિયા, ડો. રસીલાબેન વિરડીયા, ડો. કિશનભાઈ ગોહેલ, ફાર્માસિસ્ટ ગુંજનબેન પંડયા, લેબ ટેકિનશિયન એફ.એમ. રાઠોડ, એ.એચ.ડબલ્યુ. અંકિતાબેન પરમાર તેમજ સમગ્ર ટીમે સેવા આપી હતી. તેમ અમરેલી ઔદ્યોગિક તાલીમ સંસ્થાના આચાર્યએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

# અમરેલી આઈ.ટી.આઈ.માં પ્રવેશ મેળવવા તા. 30 જુન સુધીમાં રજિસ્ટ્રેશન કરવું

અમરેલી, તા.૧૮

ધો.૦૮ પાસથી ગ્રેજયુએટ સુધીના ઉમેદવારો માટે અમરેલી ઔદ્યોગિક તાલીમ સંસ્થા ખાતે વિવિધ અભ્યાસક્રમ શરૂ છે. આ અભ્યાસક્રમમાં તાલીમ મેળવવા ઈચ્છુકો માટે તા.૩૦/૦૬/૨૦૨૫ સુધી પ્રવેશ પ્રક્રિયા શરૂ છે. પ્રવેશ માટે ઓનલાઈન https;// itiadmission.gujarat.gov.in પર રજિસ્ટ્રેશન કરાવવું.

રજિસ્ટ્રેશન પ્રક્રિયા માટે અમરેલી આઈ.ટી.આઈ. ખાતે હેલ્પ સેન્ટરની સુવિધા ઉપલબ્ધ છે. ૯૭૧૨૨ ૭૯૭૨૭ વોટસએપ નંબર પર પોતાના ડોકયુમેન્ટ મોકલાવી ઘરબેઠા પણ ફોર્મ ભરીશકશે.

આઈ.ટી.આઈ.માં તાલીમાર્થીઓને એસ.સી, એસ.ટી, મહિલા, દિવ્યાંગ વર્ગના તાલીમાર્થીઓ અને એકસ આર્મીમેનને વિના મૂલ્યે તાલીમ ઉપલબ્ધ સહિત જરૂરી અનેક સુવિધાઓ મળે છે. દરેક તાલીમાર્થીને માસિક રૂ.૫૦૦ લેખે શિષ્યવૃત્તિની જોગવાઈ છે. દૂરથી આવતા તાલીમાર્થીઓને બસ પાસની સુવિધા, મહિલા તાલીમાર્થીઓને વિદ્યાસાધન સહાય યોજના હેઠળ સાઈકલ સહાય મળશે. ધો. ૮ પાસ વિદ્યાર્થીઓ ૨ વર્ષનો કોર્સ કરે તો ધો.૧૦ પાસ સમકક્ષ અને ધો.૧૦ પાસ વિદ્યાર્થી ૨ વર્ષનો કોર્સ કરે તો ધો.૧૨ સમકક્ષનો લાભ મળ શે.

રોજગારી તેમજ સ્વરોજગારી માટે બેંકેબલ સબસિડી, નિર્દિષ્ટ વ્યવસાયમાં ડિપ્લોમા એન્જિનિયરિંગના કોર્ષમાં પ્રવેશ લાભ મળશે. તાલીમ પૂર્ણ કર્યા બાદ જરૂરી એપ્રેન્ટિશીપ તરીકે વ્યાવસાયિક એકમોમાં જોડાવવાની તક મળશે.

તાલીમાર્થીઓને ગુજરાત સામૂહિક જૂથ અકસ્માત વીમા યોજના હેઠળ રૂ.૪ લાખ સુધીની રકમનું વીમા કવચ પણ મળવાપાત્ર છે. વધુમાં વધુ ઉમેદવારોને આ અભ્યાસક્રમનો લાભ લેવા અમરેલી ઔદ્યોગિક તાલીમ સંસ્થાના આચાર્યએ એક અખબારી યાદીમાં અનુરોધ કર્યો છે.

### વિમાન દુર્ઘટનાનાં મૃતકોને

# અમરેલીનાં મહિલા વિકાસ મંડળ ખાતે શ્રધ્ધાજંલિ અર્પણ કરાઈ

**૨ મિનિટનુ મૌન પાળવામાં આવ્યુ**

અમરેલી, તા. ૧૮

અમરેલી ગત તા. ૧૨/૬/૨૫ને અમદાવાદ ખાતે પ્લેન ક્રેશ દુર્ઘટનામાં ૨૪૧થી વધુ પ્રવાસીઓ સાથે પૂર્વ મુખ્યમંત્રી, સૌરાષ્ટ્રના કદાવર નેતા વિજયભાઈ રૂપાણીનુ પણ નિધન થયું હતું. આ દુર્ઘટનાના દિવંગતોના આત્માને શાંતિ મળે તે માટે મહિલા વિકાસ મંડળ અમરેલી ખાતે બે મિનિટનું મૌન સાથે દિવંગતોના આત્માને શાંતિ મળે તેવી પ્રાર્થના સંસ્થાની બાળાઓ અને કર્મચારીઓએ કરી હતી. સમગ્ર કાર્યક્રમ સંસ્થાના પ્રમુખ અરૂણાબેન માલાણી તથા જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી અને જિલ્લા બાળ સુરક્ષા અધિકારીના માર્ગદર્શન દ્વારા કરવામાં આવ્યો હતો.

### ઈરાને ઈઝરાયલને આપી ધમકી

# ઈરાન આત્મસમર્પણ નહીં કરે, યુદ્ધમાં અમેરિકા ઝંપલાવશે

**યુદ્ધ શરૂ થયાના માત્ર ૬ દિવસની અંદર ખામેનેઈએ પોતાના મુખ્ય સૈન્ય અને સુરક્ષા સલાહકારોને ઈઝરાયલી હવાઈ હુમલામાં ગુમાવી દીધા છે**

તેહરાન,તા.૧૮

ઈઝરાયલ સાથે ચાલી રહેલા યુદ્ધ વચ્ચે ઈરાનના ૮૬ વર્ષીય સુપ્રીમ લીડર અયાતુલ્લા અલીમ ખામેનેઈ સતત એકલા પડતા નજરે પડી રહ્યા છે. યુદ્ધ શરૂ થયાના માત્ર ૬ દિવસની અંદર ખામેનેઈએ પોતાના મુખ્ય સૈન્ય અને સુરક્ષા સલાહકારોને ઈઝરાયલી હવાઈ હુમલામાં ગુમાવી દીધા છે, તેના મોટા ન્યૂક્લિયર સાયન્ટિસ્ટ માર્યા ગયા છે. તેનાથી ખામેનેઈના ઈનર સર્કલમાં મોટું ગાબડું પડી ગયું છે અને ઈરાન તરફથી રણનીતિક ખામીઓનો ખતરો વધી ગયો છે. આ વચ્ચે ટ્રમ્પ આ યુદ્ધની શરૂઆતથી જ ઈરાનને આત્મસમર્પણ કરવા ધમકી અને સલાહ આપી રહ્યા છે. ત્યારે હવે ઈરાનના સુપ્રીમ લીડર ખામેનેઈએ કહ્યું કે, ઈઝરાયલે મોટી ભૂલ કરી દીધી છે અને તેની સજા મળશે. અમે શહીદોની કુરબાનીને નહીં ભૂલીએ. ઈરાનના લોકો આ હુમલો નહીં ભૂલે. અમારી સેના રક્ષા માટે તૈયાર છે. અમેરિકા સમજી લે, અમે આત્મસમર્પણ નહીં કરીએ.


ઈરાન-ઈઝરાયલ યુદ્ધમાં અમેરિકાના કૂદવાની અટકળો વચ્ચે ઈરાનના સુપ્રીમ લીડર અયાતુલ્લા અલી ખામેનેઈએ કહ્યું કે, તેમનો દેશ કોઈપણ સંજોગોમાં આત્મસમર્પણ નહીં કરે. રાષ્ટ્રીય ટેલીવિઝન પર ખામેનેઈએ દેશના નામે રાષ્ટ્રીય સંબોધનમાં કહ્યું કે, ઈરાન કોઈપણ સંજોગોમાં આત્મસમર્પણ નહીં કરે. ઈરાનની જનતા પોતાના શહીદોના ખૂનને ક્યારેય નહીં ભૂલે. દેશની હવાઈ સરહદનું ઉલ્લંઘન કરનારાઓને ક્યારે માફ નહીં કરવામાં આવે. જો અમેરિકા ઈસ્લામી ગણરાજ્યના દુશ્મનોનો સાથ આપ્યો તો તેને ગંભીર પરિણામ ચૂકવવા પડશે. અમેરિકનોને જાણ હોવી જોઈએ કે, સંયુક્ત રાજ્ય અમેરિકા દ્વારા કોઈપણ સૈન્ય હસ્તક્ષેપથી તેને અપૂરણીય ક્ષતિ ઉઠાવવી પડશે.

તેમણે ઈઝરાયલને કહ્યું કે, 'જો અમેરિકા યુદ્ધના મેદાનમાં ઝંપલાવે છે તો પછી ઓલઆઉટ વોર થશે.' ઈરાને કહ્યું કે, 'તેઓ ઈઝરાયલને આકરો જવાબ આપશે અને જો અમેરિકન સેનાઓ સંઘર્ષમાં સામેલ થશે તો તેઓ તેમના વિરૂદ્ધ પણ એવું જ કરશે.' જિનેવામાં ઈરાનના રાજદૂત અલી બહરીનીએ મીડિયા સાથે વાત કરતા કહ્યું કે, 'જો ઈઝરાયલી એટેક થતા રહેશે તો તેહરાન તરફથી આકરો જવાબ આપવામાં આવશે.'

હાલમાં જ ટ્રમ્પે સોશિયલ મીડિયા એકાઉન્ટ ટ્રૂથ સોશિયલ પર બોલ્ડ અક્ષરોમાં પોસ્ટ કરી છ 'UNCONDITIONAL SURRENDER' અર્થાત તે ઈરાનને શરતો વિના આત્મસમર્પણ કરવા કહી રહ્યા છે. ટ્રમ્પે ઈરાનના સર્વોચ્ચ નેતા અલી ખામેનેઈ માટે આકરા શબ્દોમાં કહ્યું છે કે, અમે જાણ છે કે, સુપ્રીમ લીડર ક્યાં છુપાયા છે. તેઓ એક સરળ ટાર્ગેટ છે. પરંતુ હાલ તેઓ સુરક્ષિત છે. અમે હાલ તેમના પર હુમલો કરવા જઈ રહ્યા નથી. અમે નથી ઈચ્છતા કે, મિસાઈલ વડે નાગરિકો પર હુમલો થાય તથા અમેરિકાના સૈનિકોને ટાર્ગેટ બનાવાય. પરંતુ હવે અમારી ધીરજ ખૂટી રહી છે.

ઈરાન અને ઈઝરાયલ વચ્ચે ચાલી રહેલા યુદ્ધની સ્થિતિ દિવસેને દિવસે વણસી રહી છે. અમેરિકા ઈરાનને ઝૂકાવવા સામ દામ દંડ ભેદની નીતિ અપનાવી રહ્યું છે. પરંતુ ઈરાન આત્મસમર્પણ કરવા ટસનું મસ થઈ રહ્યુ નથી. ઈરાનના આ વલણને ધ્યાનમાં રાખતાં અમેરિકાએ યુરોપમાં આશરે ૩૦ ફાઈટર જેટ મોકલ્યા છે. જેનો ઉપયોગ અમેરિકાના સૈન્ય મથકોની રક્ષા કરનારા ફાઈટર જેટની સહાયતા માટે કરવામાં આવશે. જે ઈરાનની પરમાણુ સુવિધાઓ પર કોઈપણ સંભવિત હુમલામાં સામેલ ફાઈટર જેટની મદદ કરશે.

# ભૂરખીયા હનુમાનજી દાદાના મંદિરે ૮૭મો નેત્ર નિદાન કેમ્પ યોજાયો





દામનગર, તા. ૧૮

દામનગર રમાબેન અનિલભાઈ પારેખ પરિવાર–મુંબઈના આર્થિક સહયોગથી તા. ૧૮/૬/૨૫ને બુધવારે ભૂરખીયા હનુમાનજીદાદાના મંદિરે લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી), ભૂરખીયામંદિર ટ્રસ્ટ અનેસુદર્શન નેત્રાલયટ્રસ્ટ અમરેલીનાસયુકત ઉપક્રમે યોજાઈ ગયેલ ૮૭માં વિનામૂલ્યે નેત્ર નિદાન કેમ્પમાં ૧૦૨ દર્દીઓની આંખની તપાસ કરાઈ હતી. જે પૈકી ૨૮ દર્દીઓને મોતિયોના ઓપરેશન માટે અમરેલી લઈ જવામાંઆવેલછે. આ ત્રણેય સંસ્થાઓના પદાધિકારીઓ અને કર્મચારીઓ તેમજ સ્વયં સેવકોએ નિસ્વાર્થ ભાવે સેવા આપી હતી.

# સાવરકુંડલામાં કબીર ટેકરી આશ્રમ ખાતે યોગ દિવસની ઉજવણી કરાશે

સાવરકુંડલા, તા. ૧૮

સાવરકુંડલા શહેરમાં આવેલ કબીર ટેકરી આશ્રમ ખાતે પ. પૂ. યોગ ઋષિ સ્વામી રામદેવજી મહારાજની પ્રેરણા તથા સદગુરૂ મહંત નારણદાસ સાહેબ (ગુરૂ ૧૦૮ બિહારી સાહેબ)ના આશીર્વાદ સાથે તારીખ ૨૧ જૂન વિશ્વ યોગ્ય દિવસની ઉજવણી કરવામાં આવશે.

જેમાં પતંજલિ યોગ સમિતિ, આર્ટ ઓફ લિવિંગ પરિવાર સમર્પણ ધ્યાન પરિવાર, કબીર ટેકરી આશ્રમ પરિવાર, બ્રહ્માકુમારી, ડો. હેડગેવાર સેવા સમિતિ, વિ હિન્દુ પરિષદ અને અન્ય સહયોગી સંસ્થાના નેજાં હેઠળ તારીખ ૨૧ જૂન સવારે ૬:૦૦ થી ૮:૦૦ સમય દરમિયાન વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવશે. આ સંદર્ભે પતંજલી યોગ સમિતિ વતી દિલીપભાઈ રાવળ, હીનાબેન કાણકિયા અને જયેશભાઈ કાણકિયા દ્વારા શહેરના તમામ નાગરિકોને આ યોગ દિવસની ઉજવણીમાં ભાગ લેવા આમંત્રણ આપવામાં આવે છે. આપ યોગ કરવા આવો ત્યારે આસન સાથે લાવવું તથા શકય હોય તો શ્વેત વસ્ત્રો ધારણ કરવા ખાસ નોંધ યોગ સેશન પૂર્ણ થયા બાદ ઉપસ્થિત તમામ માટે જયુસ નાસ્તા પાણીની સુવિધા ઉપલબ્ધ કરાવવા આવેલ છે.

# અમરેલી ખાતે યોજાશે ૨૪મી સુબ્રટો ફુટબોલ સ્પર્ધા

અમરેલી, તા.૧૮

૨૪મી સુબ્રટો ઈન્ટરનેશનલ ફુટબોલ ટુર્નામેન્ટ–૨૦૨૫ જુન–૨૦૨૫ની તા.૨૫ અને તા.૨૬ એ યોજાશે. આ સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છુક હોય તેવી અમરેલી જિલ્લાની શાળાઓએ www.subrotocup.in પર તા.૨૪ જુન ૨૦૨૫ સુધીમાં રજિસ્ટ્રેશન કરાવવું. ભાગ લેવા માગતી શાળાઓએ રૂ.૨,૦૦૦ એન્ટ્રી ફી ભરવી, ઓનલાઈન એન્ટ્રી બાદ શાળાઓને આ સ્પર્ધામાં પ્રવેશ મળ શે. અમરેલી સ્થિત સ્પોર્ટસ કોમ્પલેક્ષ ગોળ દવાખાનાની બાજુમાં, ચિતલ રોડ ખાતે ૬૪મી સુબ્રટો કપ ભાઈઓ માટે અંડર–૧૫ તા.૨૫ જુન ૨૦૨૫એ તેમજ ભાઈઓ અને બહેનો માટે અંડર–૧૭ વય જુથની સ્પર્ધા તા.૨૬ જુન ૨૦૨૫એ યોજાશે. અંડર–૧૫ ભાઈઓની સ્પર્ધા માટે કટ ઓફ ડેટ મુજબ તા.૧/૧/૨૦૧૧ પછી જન્મેલા અને અંડર–૧૭ ભાઈઓ અને બહેનો માટે તા.૧/૧/૨૦૦૯ પછી જન્મેલા હોય તે ભાગ લઈ શકશે. તેમ અમરેલી જિલ્લા ઈન્ચાર્જ રમત ગમત અધિકારીએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

# નરેન્દ્ર મોદીએ G7 શિખર સંમેલનમાં સંબોધન કરી ભારતની 4A ફોર્મ્યુલા

**ભારત વિશ્વની સૌથી ઝડપી ગતિએ વધતી અર્થવ્યવસ્થા છે, છતાં ભારતે સમય પહેલાં જ પેરિસ સમજૂતીના લક્ષ્યોને પૂરી કરી લીધા છે**

નવીદિલ્હી,તા.૧૮

ભારતના વિદેશ મંત્રાલયે કહ્યું કે, કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્નીને આમંત્રણ આપતાં વડાપ્રધાન મોદીએ તેમનો આભાર માન્યો છે અને G૭ ગ્રૂપની ૫૦મી વર્ષગાંઠ નિમિત્તે અભિનંદન પાઠવ્યા છે. તેમણે કહ્યું છે કે, 'આવનારી પેઢી માટે ઊર્જા સુરક્ષા સૌથી મોટા પડકારોમાંથી એક છે.' મંત્રાલયના જણાવ્યા મુજબ, વડાપ્રધાન નરન્દ્ર મોદીએ G૭ આઉટરીચ સત્રમાં ભારતનો ૪A દ્દષ્ટિકોણ રજૂ કર્યો હતો. તેમણે કહ્યું કે, ભારતની સમાવેશી વિકાસ પદ્ધતિ 'ઉપલબ્ધતા', 'પહોંચ', 'ટકાઉપણું' અને 'સ્વીકૃતિ' જેવા ચાર સિદ્ધાંત પર આધારીત છે. ભારત વિશ્વની સૌથી ઝડપી ગતિએ વધતી અર્થવ્યવસ્થા છે, છતાં ભારતે સમય પહેલાં જ પેરિસ સમજૂતીના લક્ષ્યોને પૂરી કરી લીધા છે.

પીએમ મોદીએ નવી ટૅક્નોલૉજી સંબંધિત પડકારોનો પણ ઉલ્લેખ કર્યો છે. તેમણે કહ્યું કે, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ(AI) અને ઊર્જાના અરસપરસના સંબંધોનો ઉલ્લેખ કરીને કહ્યું કે, એઆઈ કૌશલ્ય અને નવીનતાને પ્રોત્સાહન આપતું ઉપકરણ બની ગયું છે, આ ઉપરાંત AI ઊર્જાનો વપરાશ પણ બની ગયો છે. તેથી આપણે તેને સ્વચ્છ અને ટકાઉ બનાવવું પડશે.

આજના શિખર સંમેલનમાં વડાપ્રધાન મોદી અને ઈટાલીના વડાપ્રધાન જ્યોર્જિયા મેલોની વચ્ચે મુલાકાત થઈ હતી. આ દરમિયાન મેલોનીએ પીએમ મોદીને કહ્યું છે કે, 'તમે સવર્શ્રેષ્ઠ છો. હું તમારા જેવી બનવાનો પ્રયત્ન કરી રહી છું.' વડાપ્રધાન મોદીએ પણ હસતા ચહેરે ઈટાલીના વડાપ્રધાનને જવાબ આપ્યો હતો. પીમ મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર મેલોની સાથેની મુલાકાતની તસવીર શેર કરી છે.

તેમણે લખ્યું છે કે, 'ભારત અને ઈટાલી વચ્ચેની મિત્રતા વધુ મજબૂત થશે, જેનાથી આપણા લોકોને અનેક લાભ થશે.' વિશ્વના બે મોટા નેતાઓ વચ્ચેની મુલાકાત બે દેશો વચ્ચે મજબૂત રાજદ્વારી સંબંધો દર્શાવી રહયા છે. બંને નેતાઓએ વાતચીત વખતે સ્થિરતા, ઊર્જા અને ઉદ્યોગ જેવા સેક્ટરમાં ભાગીદારી કરવાના પ્રયાસ પર ભાર મૂક્યો હતો.

### આચારસંહિતા ભંગની ફરિયાદ

# મતદારોને રૂપિયા-LED ટીવીની લાલચ આપતો વીડિયો વાયરલ

**ડેમલી ગ્રામ પંચાયતના સરપંચના મહિલા ઉમેદવાર મંજુલાબેન રાજેશ ભરવાડના સમર્થક દ્વારા મતદારોને પ્રલોભનો આપતો વીડિયો વાયરલ**

અમદાવાદ,તા.૧૮

ગ્રામ પંચાયતની ચૂંટણીને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે, આગામી ૨૨ જૂને ગ્રામ પંચાયતની ચૂંટણી યોજાવવાની છે. ત્યારે શહેરા તાલુકાના ડેમલી ગામની ચૂંટણીમાં આચાર સંહિતાનો ભંગ થયો હોવાનો વીડિયો વાયરલ થયો છે. ડેમલી ગ્રામ પંચાયતના સરપંચના મહિલા ઉમેદવાર મંજુલાબેન રાજેશ ભરવાડના સમર્થક દ્વારા મતદારોને પ્રલોભનો આપતો વીડિયો વાયરલ થતાં શહેરા પોલીસ મથકે આચાર સંહિતા ભંગની ફરિયાદ નોંધાઈ છે. પ્રાપ્ત માહિતી અનુસાર સરપંચ પદના ઉમેદવાર મંજુલાબેન રાજેશભાઈ ભરવાડના પતિ રાજેશભાઈ ઉર્ફે લાલાભાઈ જેઠાભાઈ ભરવાડે ૧૬મી જૂને મંજૂરી વિના જાહેર સભા યોજી હતી. જેમાં મતદારોને આકર્ષવા મોટી લ્હાણીની જાહેરાત કરી હતી. મરણ પ્રસંગે ૫,૧૦૦ રૂપિયા, લગ્ન પ્રસંગમાં ૨૪ ઈંચનું એલઈડી ટીવી અને અઢી મણ અનાજની બોરી આપવાના વિવિધ પ્રલોભનો અને લાલચ આપતો વીડિયો વાયરલ થયો છે. વાયરલ વિડીયોને લઈને ચૂંટણી અધિકારી સમક્ષ આદર્શ આચાર સંહિતા ભંગની લેખિત અરજી કરવામાં આવતાં કાર્યવાહી હાથ ધરાઈ છે. આ સમગ્ર મામલે શહેરા ટીડીઓએ સરપંચ પદના ઉમેદવાર મંજુલાબેન ભરવાડ અને તેમના પતિ રાજેશ ઉર્ફે લાલાભાઈ ભરવાડ સામે આચાર સંહિતાનો ભંગ બદલ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

### ભારતના આર્થિક ગ્રોથની અપેક્ષાઓને વધુ પ્રબળ બનાવી

# ૬.૫ ટકાના દરે વધશે દેશની ઇકોનોમી, ICRAએ નાણાકીય વર્ષ ૨૦૨૬ માટે લગાવ્યું અનુમાન

**ઈકરાએ જણાવ્યું હતું કે આ જ સમયગાળા દરમિયાન દેશનો રિઅલ ગ્રોસ વેલ્યુ એડેડ (GVA) ગ્રોથ ૬.3 ટકાથી વધુ રહેશે**

નવીદિલ્હી,તા.૧૮

ભારતના અર્થતંત્રની ગાડી પાટા પર હોવાના અનેક અંદાજો વિવિધ ગ્લોબલ રેટિંગ એજન્સી આપી રહી છે. એવામાં વધુ એક અગ્રણી રેટિંગ એજન્સીએ ચાલુ નાણાકીય વર્ષ (૨૦૨૫-૨૬) માટે ભારતનો રિઅલ ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્શન (GDP) ગ્રોથ રેટ ૬.૫ ટકાથી વધુ રહેવાનો અંદાજ આપી ભારતના આર્થિક ગ્રોથની અપેક્ષાઓને વધુ પ્રબળ બનાવી છે. ઈકરાએ જણાવ્યું હતું કે આ જ સમયગાળા દરમિયાન દેશનો રિઅલ ગ્રોસ વેલ્યુ એડેડ (GVA) ગ્રોથ ૬.૩ ટકાથી વધુ રહેશે.

GDPની ગણતરી દેશમાં ઉત્પાદિત માલ અને સેવાઓના કુલ મૂલ્ય પરથી નક્કી થાય છે, જ્યારે GVA ઉત્પાદિત માલ અને સેવાઓના કુલ મૂલ્યમાંથી મધ્યવર્તી માલ અને સેવાઓની કિંમત બાદ કરીને મેળવવામાં આવે છે.

ઈકરા રેટિંગ એજન્સીએ જણાવ્યું હતું કે, ફુગાવાના સંદર્ભમાં રિટેલ ફુગાવો (CPI) ૪.૨ ટકાથી વધુ રહેવાનો અંદાજ છે, જ્યારે જથ્થાબંધ ફુગાવો (WPI) ચાલુ નાણાકીય વર્ષ માટે ૨.૭ ટકાથી વધુ રહેશે. ઈકરાએ રાજકોષીય ખાધ GDPના ૪.૪ ટકા રહેવાનો અંદાજ લગાવ્યો છે. ગ્રામીણ માંગ મજબૂત રહેવાની શક્યતા છે. સારા વરસાદના કારણે કૃષિ ક્ષેત્રે ગ્રોથ નોંધાવાના સંકેત છે.

રેટિંગ એજન્સીએ જણાવ્યું હતું કે ૨૦૨૫-૨૬ માટેના કેન્દ્રીય બજેટમાં આવકવેરામાં મોટી રાહત, દર ઘટાડાને કારણે EMI(માસિક હપ્તા)માં ઘટાડો અને ખાદ્ય ફુગાવામાં નરમાઈની જાહેરાતના કારણે ઘરગથ્થુ ખર્ચપાત્ર આવકમાં વધારો થવાની અપેક્ષા છે. અહેવાલમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે વૈશ્વિક પડકારોના કારણે નજીકના ભવિષ્યમાં ભારતની ગુડ્સ નિકાસમાં મંદી રહેવાની ભીતિ છે. જ્યારે સર્વિસ નિકાસમાં વૃદ્ધિ નોંધાવાની સંભાવના છે. ૨૦૨૫-૨૬માં કેન્દ્રનો મૂડી ખર્ચ ૧૦.૧ ટકા વધવાનો અંદાજ છે, જે રોકાણ પ્રવૃત્તિઓને વેગ આપશે.

ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે RBIએ GDP ગ્રોથ અંદાજ ૬.૫ ટકા પર જાળવી રાખ્યો છે. નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં GDP ગ્રોથ રેટ ૬.૫ ટકા નોંધવામાં આવ્યો હતો અને ૨૦૨૫-૨૬માં સમાન રહેવાનો અંદાજ છે.




# વિપક્ષી નગરસેવકોએ પાલિકાનાં પ્રાદેશિક કમિશનરને પત્ર પાઠવ્યો

# અમરેલી પાલિકા દ્વારા લાખો રૂપિયાનો ભ્રષ્ટાચાર કરવાની પેરવી ?

**ભૂતકાળમાં જે વિકાસકાર્યો પૂર્ણ થઈ ગયા છે તે કામો માટે પૂનઃ ટેન્ડર પ્રક્રિયા શરૂ કરવામાં આવી**

**ટેન્ડર આઈડી ૧૯૧૩૬૮ની તટસ્થ તપાસ થાય તો ચોંકાવનારી વિગતો બહાર આવે તેમ છે**

**થોડા મહિનાઓ પહેલા પાણીનાં ૧૩ બોર થયા અને નવા ટેન્ડરમાં તે કામ પૂનઃ દર્શાવાયા**

**તટસ્થ તપાસ કરવામાં ન આવે તો આગામી દિવસોમાં જનઆંદોલન કરવાની ચીમકી**

અમરેલી, તા. ૧૮

અમરેલીશહેર કોંગ્રેસપ્રમુખ સંદિપ પંડયા અને પાલિકાનાં કોંગી નગરસેવકોએ પાલિકાનાં પ્રાદેશિક કમિશનરને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, અમરેલી નગરપાલિકા દ્વારા શહેરનાં જુદા જુદા વિસ્તારમાં પીવાના પાણીના બોર તેમજ અન્ય કામો કરવામાં આવેલ અને જે શહેર વિસ્તારમાં હાલ કાર્યરત છે. પરંતુ નગરપાલિકાનાં અધિકારીઓ તથા પદાધિકારીઓ દ્વારા મસમોટો ભ્રષ્ટાચાર આચરવાના હેતુથી આ કામો કે જે ભુતકાળમાં થઈ ગયેલ છે અને કાર્યરત છે તે બાબતે ફરી ટેન્ડર પ્રક્રિયા કરી હયાત કામને નવા કામમાં ફેરવવા અને કરોડો રૂપિયાના ભ્રષ્ટાચાર કરવાની પેરવી થઈ રહી છે અને ટેન્ડર આઈ.ડી. ૧૯૧૩૬૮થી કામો બહાર પાડવામાં આવેલ છે. તો આ મસમોટા ભ્રષ્ટાચારને અટકાવવા માટે અને કસુરવાર અધિકારીઓ તથા પદાધિકારીઓ ઉપર પગલા લેવા માટે તાત્કાલિક ધોરણે તપાસ કરાવીને યોગ્ય શિક્ષાત્મક કાર્યવાહી કરવા રજૂઆત છે. આ ભ્રષ્ટાચાર અંગે ટેન્ડર આઈ.ડી. ૧૯૧૩૬૮માં દર્શાવેલ શહેરમાં આવેલ તમામ ૧૩ પાણીના બોર કે જે કાર્યરત છે બીજા ટેન્ડરમાં દર્શાવેલ સુસંગત કામો કે જે થઈ ગયેલ છે તેના માટે ટેન્ડર બહાર પાડવામાં આવેલ છે. તો આ ટેન્ડરમાં દર્શાવેલ તમામ પાણીના બોરનાં તેમજ સુસંગત કામો પર સ્થળ પંચરોજકામ થવું જોઈએ તેમાં કોંગ્રેસ વિરોધપક્ષના તમામ નગરસેવકોલ તેમજ શહેર કોંગ્રેસ પ્રમુખને સાથે રાખી અને તેનું વિડીયો શુટિંગ સાથેનું પંચરોજકામ કરવા અને આ પંચરોજકામ થયા બાદ જે આ ટેન્ડર ઓપન કરવું તેવી અમારી માંગણી છે.

વધુમાં જણાવેલ છે કે, આવા મસમોટા ભ્રષ્ટાચારને જયારે અમો ઉજાગર કરી રહ્યા છીએ ત્યારે ઉજાગર કરેલા ભ્રષ્ટાચાર તાત્કાલિક ડામી દેવો તેમજ કસુરવાર દરેક અધિકારી તેમજ પદાધિકારી ઉપર યોગ્ય પગલા લઈ કાર્યવાહી કરવી અને આમ છતાં દિન ૧૫

**અનુસંધાન પાના ૬ ઉપર**

---

### ૧ લાખ સામે ૪ હજારનું કમિશન મળે તેમ કહીને

# સાવરકુંડલાનાં રત્ન કલાકાર પાસેથી રૂપિયા ૪.૯૪ લાખ પડાવી લેવાયા

**૪ ઈસમો વિરૂધ્ધ પોલીસે ફરિયાદ નોંધી**

અમરેલી, તા. ૧૮

સાવરકુંડલા ગામે રહેતા આરોપીઓ મોહસીનભાઈ, નિરવભાઈ, ઈમરાન ઉર્ફે ટીમો તથા મુનીર નામના ઈસમોએ સાથે મળી ગુન્હાહિતકાવતરૂં રચી સાવરકુંડલા ગામે રહેતા અને હીરા ઘસવાનું કામ કરતાં અરસીન બાલુભાઈ ધીમેચા નામના ૨૦ વર્ષિય યુવકને વિસમાં લઈ તા. ૭/૩ થી તા. ૧૭/૬ દરમિયાન યુવકના એકસીસ બેંકના ખાતામાં રૂપિયા એક

**અનુસંધાન પાના ૬ ઉપર**

---

### પ્લોટ ખાલી કરવાની ધમકી આપીને

# રાજુલાનાં ઝીંઝકા ગામે વૃધ્ધ ખેડૂત ઉપર ૪ ઈસમો દ્વારા હુમલો

**સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ આદરી**

અમરેલી, તા. ૧૮

રાજુલા તાલુકાના ઝીંઝકા ગામે રહેતા મહોબતસિંહ મંગળસિંહ વાળા નામના ૭૫ વર્ષિય વૃધ્ધ ખેડૂતને ગત તા. ૧૨ ના રોજ સાંજે ૬ વાગ્યે તે જ ગામે રહેતા આરોપી મહીપાલસિંહ અનિરૂધ્ધસિંહ, વિરદીપસિંહ વેલુભા, જયરાજસિંહ વેલુભા તથા ટીણુભા

**અનુસંધાન પાના ૬ ઉપર**

---

### કોરોના કાળમાં આર્થિક ભીંસમાં આવી ગયેલ

# સાવરકુંડલાનાં કરીયાણાનાં વેપારીને વ્યાજનાં 3 લાખ આપવા બાબતે ધમકી

અમરેલી, તા. ૧૮

સાવરકુંડલા ગામે રહેતા હીરેનભાઈ નરેશભાઈ વનરા નામના કરિયાણાના હોલસેલ વેપારી કોરોના કાળમાં આર્થિક ભીંસમાં આવી જતાં તેઓએ રાજુભાઈ નાઈ નામના આરોપી પાસેથી રૂપિયા ૧૦ લાખ ૪૫ દિવસ માટે ૩૦%ના ઉંચા વ્યાજના દરે લીધા હતા અને મુળ રકમ રૂપિયા ૧૦ લાખ સમયસર પરત ચુકવી દીધા હતા. ત્યારે વ્યાજના રૂપિયા ૩ લાખ આરોપીએ વેપારી પાસે અવાર નવાર માંગણી કરી વેપારીને અવાર–નવાર જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

---

### સમગ્ર પંથકનાં શ્રધ્ધાળુઓ દ્રશ્ય નિહાળી ખુશીથી ઝુમી ઉઠયા

# ભૈ વાહ : બાબરાનાં સુપ્રસિધ્ધ અને અતિ પૌરાણિક પવિત્ર બ્રહ્મકુંડ પ્રથમ વરસાદમાં જ પાણીથી છલોછલ

**બ્રહ્મકુંડમાં પિતૃ તર્પણ સહિતનાં અનેક ધાર્મિક કાર્યો થતા હોય છે**



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૧૮

બાબરા ખાતે આવેલ સ્વંયભુ શિવાલય શ્રી નીલકંઠ મહાદેવના મંદિરે પાંડવકલીન જગ્યા છે અહીં પાંડવો દ્વારા સ્થાપિત પાંચ કુંડ આવેલ છે જે બ્રહ્મકુંડ અને પંચકુંડ તરીકે ઓળખવામાં આવે છે.

ચોમાસાની સિઝનમાં પ્રથમ વરસાદ માં આ પવિત્ર કુંડ ભરાય જતા અહીં દર્શને આવતા લોકોમાં આનંદની લાગણી પ્રસરી ગઈ હતી કારણ કે બાબરા શહેર સહિત તાલુકાના લોકો અહીં પંચકુંડમાં પિતૃ તર્પણ સહિતના કાર્યો આ પવિત્ર કુંડમાં કરે છે શ્રદ્ધાળુઓ અહીં સ્નાન અથવા આચમન કરે છે.

તેમજ ભૂદેવો અહીં બળેવના પવિત્ર દિવસે કુંડમાં બેસી નુતન જનોઈ ધારણ કરે છે તેમજ ઋષિ પંચમીના દિવસે મોટી સંખ્યામાં મહિલાઓ અહીં કુંડ માં સ્નાન કરવાં આવે છે અને ભાદરવી અમાસના દિવસે સર્વપિતૃ અમાસના દિવસે લોકો તર્પણ કરી અહીં પંચકુંડમાં ડૂબકી લગાવે છે.













*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)